Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.11 - Issue 11
November 2018
Price 10/-

Happy Diwali

May the Divine Light of Diwali
shine with Peace, Prosperity, Happiness
and Good Health in your life...

વડોદરા મંગલવાડી દ્વારા નવાપુરા પોલીસ સ્ટેશન ખાતે ‘સ્વચ્છ ભારત અભિયાન’માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. રાજબેન, PI ભ્રાતા દિલીપ રાવ, વોર્ડ ઓફિસર ભ્રાતા મૂકેશભાઈ તથા અન્ય સ્ટાફ.

વાલીયામાં ‘સ્વચ્છતા જાગૃતિ મહારેલી’માં TDO ભ્રાતા કે.કે. પટેલ, મામલતદાર ભ્રાતા જે.જે.રાઠવા, સરપંચ ભ્રાતા ગોરધનભાઈ, ઉદ્યોગપતિ સંદીપસિંહ, BJP પ્રમુખ યોગેન્દ્રસિંહ, બ્ર.કુ. હેમાબેન.

ધારી સેવાકેન્દ્ર દ્વારા ‘સ્વચ્છ ભારત અભિયાન’ અંતર્ગત એસ.ટી. બસ ડેપોની સફાઈ બાદ સમૂહચિત્રમાં બ્રહ્માકુમાર ભાઈ–બહેનો.

વ્યારામાં ‘સ્વચ્છ ભારત અભિયાન’નો સોસાયટીમાં આંતરિક સ્વચ્છતાનો સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્રહ્માકુમાર ભાઈ–બહેનો.

વાસદમાં ‘યુવા મહિલાઓની સુરક્ષા અભિયાન’ રેલીનો શુભારંભ કરતાં સરપંચ ભગિની ખુશ્બુબેન, આચાર્ય સરદાર વિનય મંદિર ભ્રાતા પી.એમ. ભાવસાર સાથે બ્ર.કુ. દીપાબેન, બ્ર.કુ. પ્રીતિબેન.

સિધ્ધપુર ખાતે ‘સ્વચ્છ ભારત અભિયાન’ કાર્યક્રમમાં પ્રમુખ નગરપાલિકા ભગિની વર્ષાબેન પોપટ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. વિજયાબેન અને બ્રહ્માકુમાર ભાઈ–બહેનો.

અમદાવાદ કાળુપુર રેલ્વે સ્ટેશન ખાતે ‘ભારતીય રેલ અમદાવાદ મંડલ’ દ્વારા ‘સ્વચ્છતા પખવાડા’ કાર્યક્રમમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. નંદાબેન. સભામાં ઉપસ્થિત DRM ભ્રાતા રાહુલ અગ્રવાલ, ADRM ભ્રાતા આશુતોષ ગૌતમ તથા રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૧ નવેમ્બર-૨૦૧૮ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- मरना तेरी गली में जीना तेरी गली में ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..06
- દિવાળી ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..07
- રાજયોગીઓ થાકશો નહીં ....બ્ર.કુ. સૂર્યભાઈ ..10
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..14
- સુષુપ્ત - જાગૃત ....બ્ર.કુ. કાન્તિભાઈ ..18
- પ્રજ્ઞાવાન અને પ્રસન્નવદન ....બ્ર.કુ. અનિલ ..20
- તહેવારોનો રાજા દીપાવલી ....બ્ર.કુ. નીતા ..22
- અમૃતપર્વે ....બ્ર.કુ. પિનાક ..23
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..24
- પાંચ સ્વરૂપની અલૌકિક રૂહાની ડ્રીલ........બ્ર. કુ. હેમંત ..26
- પ્રકંપનો - પ્રસરણ અને પ્રભાવ ....બ્ર.કુ. કેશુભાઈ ..29
- તંત્રીને પત્રો 33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૦.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧૦૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી

પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિભવન, ગામડીવાળા ડેરી સામે, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.

Phone: 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :

રાજયોગભવન, ૧ ચતુર્ભુજ કોલોની, ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.

Phone: 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

मरना तेरी गली में, जीना तेरी गली में

યજ્ઞના પ્રારંભમાં જ્યારે સંસ્થામાં ગીતકારો, સંગીતકારો, ગાયકો નહોતા ત્યારે મીઠા બાબાએ ફીલ્મનાં ચુનંદાં ગીતો પસંદ કરીને, તેનું આધ્યાત્મિક અર્થઘટન કરી મુરલીઓ ચલાવી હતી. આ ગીતોનું સંગીત, ગાયક, ગીતના શબ્દો પ્રભાવિત કરે તેવાં હતાં, હૃદયસ્પર્શી હતાં. તા. 6-8-2018ની સાકારવાણીનું ગીત હતું, मरना तेरी गली में, जीना तेरी गली में. આ આખું ગીત સાંભળ્યું ત્યારે ભાવવિભોર થઈ જવાયું.

જિંદગીની કોઈ સોનેરી પળોમાં આપણને ઈશ્વરીય સંદેશ મળ્યો અને આપણે સૌ બાબાનાં બની ગયાં. પ્રારંભથી જ એક વાક્ય શિલાલેખની જેમ હૃદયમાં કોતરાઈ ગયું. તે વાક્ય હતું. योगी को एक ईश्वर के बल और भरोसे पर टिकना है। જો આપણા ઉપર કોઈએ આ માર્ગ પર જવાનું લાદ્યું ના હોય, માત્ર કોઈને રાજી રાખવા જ આ માર્ગ સ્વીકાર્યો ના હોય, પણ ઈશ્વરીય સંદેશથી સ્વાભાવિક રીતે હૃદયમાં પ્રભુમિલનના ભાવની ભરતી આવી હોય, રાજીખુશીથી, પ્રસન્નતાથી, હરિનો મારગ છે શૂરાનોના ભાનથી આ પથ સ્વીકાર્યો હોય તેના જેવું ભાગ્યશાળી કોઈ નથી.

જે પતિવ્રતા, ગુણિયલ સ્ત્રી સપ્તપદીની પ્રતિજ્ઞાઓથી લગ્નગ્રંથીથી જોડાય છે. ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શોથી જે સુખ-દુ:ખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન, સમૃદ્ધિ-ગરીબી વગેરે દ્વંદ્વોમાં એકરસ, પ્રેમપૂર્ણ રહી, દાંપત્યજીવનને આદિથી અંત સુધી સફળતાપૂર્વક જીવે છે તેની જિંદગી ધન્ય બની જાય છે.

ઉપરની વાત સાંસારિક જીવનની છે. જ્યારે આધ્યાત્મિક જીવનની યાત્રા તો ઊર્ધ્વગામી છે. જેમાં ત્યાગ તપસ્યા, સેવા, સમર્પણ મહત્ત્વનાં બની જાય છે.

પ્રારંભમાં ઓમમંડલી વખતે જ્યારે સાક્ષાત્કારોનો પ્રવાહ શરૂ થયો ત્યારે સમૃદ્ધ પરિવારનાં, સુખ સગવડો ભોગવતાં, સાંસારિક સુખોમાં ડૂબેલાં માતાઓ તેમજ પવિત્ર કુમારીઓ આ યજ્ઞમાં દીવાની જ્યોતમાં પતંગિયાં સ્વાહા થઈ જાય તે રીતે સમર્પિત થયાં. આ બધું સ્વાભાવિક, ચુંબકીય હતું. તેમાં મરજીવા જન્મની સુગંધ હતી.

मरना तेरी गली में, जीना तेरी गली में...માં પથ સ્વીકાર્યાનો દૃઢસંકલ્પ છે. સર્વ પ્રકારની પરિસ્થિતિઓમાં ઉમંગ, ઉલ્લાસથી જીવવાનો નિશ્ચય છે. સુખ, સગવડો, સાધન, સંપન્નતા અને અતીન્દ્રિય સુખ મેળવ્યા પછી પરમાત્મા જાણે સમર્પણની કસોટી કરતા હોય તેમ બેગરી પાર્ટ આવ્યો. **જેઓએ પ્રસન્નતાથી, દૃઢ મનોબળથી આ પથ સ્વીકાર્યો હતો તેમની અવસ્થા એકરસ રહી. એમના પરમાત્મ નિશ્ચય અને અતીન્દ્રિય સુખમાં કોઈ ઓટ આવી નહીં.**

પ્રારંભમાં દાદીઓએ, ભાઈઓએ કેટલું સહન કરીને, કેટલી તકલીફો વેઠીને, અભાવોમાં પણ પ્રસન્નતાથી સેવા કરી. ત્યારે આજના જેવાં અદ્યતન ભવનો, સાધનો, સમૃદ્ધિ, વાહનો, અદ્યતન સંચાર સાધનો નહોતાં. આમ છતાં એમના ચહેરાઓની દિવ્યતા, પ્રસન્નતા અદ્ભુત હતાં. યજ્ઞનાં ચૌદ વર્ષની તપસ્યા અને બાબા-મમ્માએ જે સર્વાંગી આધ્યાત્મિક શિક્ષણ આપ્યું,

તાલીમ આપી તે વિશ્વની કોઈ પણ યુનિવર્સિટી આપી શકે તેમ નથી. પહેલાં યજ્ઞમાં બાબા-મમ્મા અને મુરલી જ સર્વસ્વ હતાં.

मरना तेरी गली में .... અર્થાત્ મીઠા બાબા, આપ મને મળ્યા છો. મારું જીવન ધન્ય ધન્ય બની ગયું છે. આમ પરમાત્મા પ્રત્યે પદ્માપદ્મ આભારનો ભાવ પ્રગટે. આ મરજીવા જન્મ છે. પરમાત્માના બન્યા પછી દેહ, દેહના સંબંધો, અતીતની યાદો, ઈચ્છાઓ, અપેક્ષાઓ ના રહે. સંબંધો નિભાવવામાં પણ સાક્ષી, દૃષ્ટા, આત્મિક સ્વરૂપની, નષ્ટોમોહા અવસ્થા રહે. જ્યારે મમ્માને પુરુષાર્થ અંગે પૂછવામાં આવ્યું ત્યારે મમ્માએ કહ્યું કે, 'હું હરઘડીને અંતિમઘડી સમજીને પુરુષાર્થ કરું છું.' **મરવું અર્થાત્ અહંને ઓગાળી દેવો. મારું જીવન પરમાત્મા અને સેવામાં સમર્પિત છે. તેથી મને શહેર, ગામ, શેરી કે જ્યાં સેવા ચાલતી હોય ત્યાં જવાની તત્પરતા રહે. માન, શાન, સાધનો, સુવિધાઓની અપેક્ષા ના રહે. યજ્ઞ તરફથી જે કંઈ મળે તેમાં મારી પ્રસન્નતા રહે.**

શાંતિવનમાં યોજાયેલી આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં રાજયોગિની સંતોષદીદી (મુંબઈ)એ કહ્યું કે **'જો બધું છે તો ઈદ મનાવો, ના હોય તો રોજા રાખો.'** અર્થાત્ **દરેક પરિસ્થિતિમાં સમાન રહો.** રાજવી પરિવારની મીરાંએ કૃષ્ણભક્તિ માટે બધું છોડ્યું અને ગાયું કે **'કોઈ દિન ખાવાને શીરોને પૂરી તો કોઈ દિન ભૂખ્યાં સૂઈએ.'** પણ મીઠા બાબાએ કહ્યું છે કે **इस समय भी सच्चे सेवाधारी कभी भूखे रह नहीं सकते, दो रोटी जरूर मिलेगी (21-12-83 की अव्यक्तवाणी)**

જો પરમાત્માની યાદ, તેમનું કાર્ય, પુરુષાર્થ અને સેવાને દિલથી કરતા હોઈએ તો બાબા, યજ્ઞ તેની નોંધ જરૂર લે છે. બ્રહ્માવત્સો પણ જરૂર કદર કરે છે. આમ **મરવું અર્થાત્ જીવતેજીવ સંપૂર્ણ વૈરાગ્યપૂર્ણ બનવું.** મેં બાબાને ઓળખીને તેમના કાર્ય માટે જીવન સમર્પણ કર્યું છે, તો હું શા માટે અન્યને જોઉં ? શા માટે કોઈની સાથે તુલના કે સ્પર્ધા કરું. એક સમયે વિશેષ ગણાતા આત્માઓ પણ યજ્ઞ છોડીને ચાલ્યા ગયા. ડ્રામા અનુસાર મહાન આત્માઓએ પણ દેહત્યાગ કર્યા. પરંતુ **યજ્ઞ પરમાત્માનો છે, તેથી દિનદૂના રાત ચૌગુના પ્રગતિના પથ પર આગળ ધપી રહ્યો છે.**

આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં રાજયોગી નિર્વૈરભાઈએ પ્રશ્ન કર્યો કે અત્યારે બાબાના બાળકો કેટલા છે ? તો ઉત્તર મળ્યો કે દસ લાખ. તો ભાઈજીએ કહ્યું કે કરોડો. જે આત્માઓ મધુવનમાં, સેવાકેન્દ્રોમાં આવી ગયા છે. જેમને ઈશ્વરીય સંદેશ મળ્યા છે તે સૌ બ્રહ્માવત્સ નહીં બને તો યજ્ઞના મદદગાર, શુભેચ્છક તો જરૂર બને છે. તેથી આજે યજ્ઞ માટે અસંભવ કાર્ય પણ સંભવ બની રહ્યું છે. ભગીરથ કાર્યો પણ સંપન્ન બને છે. આ બધી બાબાની, બાબાના બાળકોની કમાલ છે.

આપણે આપણા ગુણો અને શક્તિઓની વિશેષતા દ્વારા ઉલ્લેખનીય કાર્ય કરીને વિશેષ આત્મા બનીએ. હંમેશાં વિશેષ આત્માઓનું જ ગાયન થાય છે. **તેથી બ્રાહ્મણ સો ફરિશ્તા બનીને જીવનના અંતિમશ્વાસ સુધી બાબાના બનીને રહીએ** એ જ શુભભાવના, શુભ કામના સાથે વિરમું છું.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

દીપાવલી મુબારક

નૂતનવર્ષાભિનંદન

નવયુગ મુબારક

અમૃતધારા

સ્વદર્શન ચક્ર

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

જે ઈશ્વરનાં બાળકો પરમાનંદમાં રહેવા માટે ઈચ્છુક છે એમને એ ધૂન લાગેલી રહે છે કે એક બાબાને યાદ કરીને જીવન ધન્ય બનાવી લઈએ. આપણે રાજયોગી બેહદના સન્યાસી બનીને સ્વયંને જોઈએ કે આપણું ભવિષ્ય શું છે ? વિનાશકાળ છે, આપણે પરમાત્મામાં પ્રીત બુદ્ધિ રહેવાનું છે. મનમનાભવ પણ રહેવાનું છે અને સ્વદર્શન ચક્ર ફેરવવાનું છે. પહેલાં મનમનાભવ રહીએ યા સ્વદર્શન ચક્ર ફેરવીએ ? મનમનાભવ એટલે એકાગ્રચિત્ત બનીને એક બાબાને યાદ કરવાના છે.

જ્યારે બાબાની યાદમાં રહીએ છીએ ત્યારે સ્વદર્શનચક્ર ફેરવવું સરળ બની જાય છે. સ્વદર્શન ચક્ર ફેરવીએ છીએ તો 'નથિંગ ન્યુ' લાગે છે. આ વિઘ્નોનો વિનાશ કરવાનું, પોતાની સ્થિતિને અચલ અડોલ બનાવવાનું સારું સાધન છે. 'નથિંગ ન્યુ' (કાંઈ નવું નથી) આપણને ઓછું બોલવાની તાલીમ આપે છે. એનાથી આપણો ટેમ્પર હાઈ થતો નથી. નારાજ થઈશું નહીં. ગુસ્સો પણ નહીં કરીએ. આ પાઠ સ્વદર્શન ચક્ર ફેરવવામાં મદદ કરે છે. સ્વદર્શન ચક્ર ફેરવતાં એની ખબર પડે છે કે - જે થયું, સારું થયું. જે બનશે તે સારું બનશે. કેમ, શા માટેનો પ્રશ્ન ઉઠતો નથી. આમ કેમનો પ્રશ્ન કરીએ છીએ તો એનો ઉત્તર નથી. જે ડ્રામામાં બન્યું તે બરાબર બન્યું. ડ્રામાના જ્ઞાને આપણને નિશ્ચિંત રહેવાનું અને નિશ્ચિત ભાવિ પર અટલ રહેવાનું શીખવાડ્યું છે. જો પ્રશ્નોને સમાપ્ત કરવાના છે, ગુલાબનું ફૂલ બનવું છે તો કાંટાઓમાં રહીને ન્યારા પ્યારા બનવાનું છે. સુગંધ ફેલાવવાની છે. સારાપણું ધારણ કરવાનું છે. મોતી ચણવાનાં છે. દૂધ અને પાણીને અલગ કરી દેવાનાં છે. ભેળવવાં એ મોટી વાત નથી. લોભવશ, મોહવશ ભેળવી દઈએ છીએ. પરંતુ હંસમાં એટલી શક્તિ છે કે તે પોતાના કામની ચીજ લે છે. જ્યાં સુધી આપણે હંસ સમાન બન્યા નથી ત્યાં સુધી પારખવાની અને નિર્ણય કરવાની શક્તિ આવતી નથી. સ્વદર્શન ચક્ર ફેરવવું તે રાજયોગીઓ માટે ઘણું જરૂરી છે. હંસ એ બનશે જેને જ્ઞાન ખજાના પ્રત્યે પ્રેમ હશે. જ્ઞાન આપણને અમૃત જેવું મીઠું લાગે છે. જેટલું અમૃત પીશું એટલા શીતળ બનીશું. જ્ઞાનની મહત્તાની સમજણ પડશે. જ્ઞાન આપણને કોડીમાંથી બદલીને હીરા જેવા બનાવે છે. બાબાએ આપણા સર્વના શિર પર જ્ઞાનનો કળશ મૂક્યો છે. તો અમૃત પીએ અને પીવડાવીએ. આવા આપણે રોયલ યોગી-રાજયોગી છીએ. આપણામાં કેટલી ખુશી છે કે આપણે પરમાત્માને પોતાના માત-પિતા, સખા-સ્વામી સમજીએ છીએ. સાથે સાથે આપણે અમૃત પીને પાવન બનીએ છીએ અને બીજાઓને પાવન બનાવવાની સેવા પણ કરીએ છીએ.

બાબાએ આપણી સર્વ મનોકામનાઓ પૂરી કરી છે. અત્યારે આપણે જગદંબા માની સાથે સાથે કલ્પવૃક્ષની નીચે બેસીને તપસ્યા કરી રહ્યાં છીએ.

(અનુસંધાન પેજ નં. 21 પર)

દિવાળી

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

અંધકારની કાલિમા ધીરે ધીરે ગહન થઈ રહી હતી. ચારે બાજુ ફેલાયેલા તિમિરના આવરણથી પ્રકાશને પૂરી રીતે ગળી લીધો હતો. આવા અસહાય વાતાવરણમાં માનવે અત્યંત ગુંગળામણ, બેચેની અને અસ્વસ્થતાનો અનુભવ કર્યો. ઘૃણિત માખી પણ જે અંધકારમાં રહેવાનું પસંદ કરતી નથી તો ભલા દેવતાઓના વંશ જ માનવ કઈ રીતે સહન કરી શકે ? એણે આ ગાઢ અંધકારને ક્યાંક દૂર ખાડામાં યા ખાઈમાં ફેંકી આવવાનો સંકલ્પ કર્યો. અડધી રાત સુધી ભિન્ન ભિન્ન સાધનો દ્વારા અંધકારને ભરી ભરીને ફેંકવાનો આ પ્રયાસ ચાલતો રહ્યો. પરંતુ જ્યાંથી અંધકાર ઉઠાવવામાં આવતો હતો ત્યાં એ જ ક્ષણે વધારે અંધકાર થઈ જતો હતો અને જ્યાંથી ફેંકવામાં આવ્યો હતો ત્યાં ગાઢ અંધકાર મોજૂદ હતો. ધીરે ધીરે અંધકાર વધારે ગાઢ થતો ગયો. નિચોડ કંઈ પણ ના નીકળ્યો. માનવ મન થાક અને બેચેનીથી ઝમઝમી ઉઠ્યું. હારીને મનમાં ને મનમાં કોઈ અજ્ઞાત દિવ્યશક્તિથી સહયોગની કામના કરવા લાગ્યો.

આલોક પર્વનો જન્મ

ત્યારે એને પોતાની સામે એક દિવ્ય અને અલૌકિક આભાથી વિચિત્ર લાગતો પ્રકાશપુંજ જોવા મળ્યો અને એ નાના પ્રકાશપુંજના દૂર સુધી ફેલાતા પ્રકાશમાં એક ગૂંજી ઉઠતો સ્વર સાંભળ્યો, 'વત્સ ! આ દિવ્ય જ્યોતિથી તમે અસંખ્ય દીપ પ્રગટાવો.. તો ક્ષણોમાં જ આ ગાઢ અંધકારનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે.' એમ જ કરવામાં આવ્યું અને ધીરે ધીરે એકમાંથી અનેક અને પછી અગણિત દીપમાળાઓ એ દિવ્ય આભાથી ચમકવા લાગી. સર્વ પ્રાણીઓમાં નવીન ઉત્સાહ અને ઉમંગની લહેરો છવાઈ ગઈ. ચારે દિશામાં દૂર દૂર સુધી પણ અંધકારનું નામોનિશાન ના રહ્યું. અસત્ય પર સત્યે, મૃત્યુ પર અમરત્વે તથા અંધકાર પર પ્રકાશે વિજય પ્રાપ્ત કરી લીધો હતો. ચારે બાજુ પથરાયેલા દિવ્ય અને અલૌકિક આભાથી યુક્ત આ પ્રકાશમાં હવે સ્વર્ગના મહેલ ઝગમગતા દેખાઈ રહ્યા હતા. ઘી અને દૂધની નદીઓ વહી રહી હતી. વાઘ અને બકરી એક ઘાટ ઉપર પાણી પી રહ્યાં હતાં. ઈર્ષ્યા, દ્વેષ અને હિંસક પ્રવૃત્તિનું નામોનિશાન ન હતું. પતિત અને વિકારી મનુષ્યોના બદલે હવે દિવ્યગુણ સંપન્ન સંપૂર્ણ નિર્વિકારી, સતોગુણી વૃત્તિવાળા દેવગણ દેખાઈ રહ્યા હતા. સુખ-સમૃદ્ધિ તથા શ્રી અને શક્તિ અધિષ્ઠાત્રી સૂર્ય સમાન તેજોમયી, કમલપુષ્પ પર વિરાજમાન દેવી લક્ષ્મીની છટા ચારે બાજુ વિખરાઈ રહી હતી. સમગ્ર વિશ્વ બદલાઈ ચૂક્યું હતું. દરિદ્રતા અને કંગાળ સ્થિતિની પ્રતીક તૂટેલી-ફૂટેલી ઝૂંપડીઓના સ્થાને હીરા, માણેક, મોતીઓથી જડેલા સ્વર્ણિમ મહેલોએ લઈ લીધું હતું. દુઃખ અને અશાંતિ, ભ્રષ્ટાચાર તથા અત્યાચારથી પીડિત કલિયુગ હવે સુખ શાંતિ તથા ધન ધાન્યથી સંપન્ન સતયુગમાં બદલાઈ ચૂક્યો હતો. નવપ્રભાતનાં સોનેરી કિરણો ફૂટી ચૂક્યાં હતાં. બસ ત્યારથી જ આ આલોક પર્વ - દીપાવલીનો જન્મ થયો. દર વર્ષે એની સ્મૃતિમાં

ખુશી મનાવવામાં આવે છે.

જોડાયેલી દંતકથાઓ

પરંતુ સમય જતાં એની સાથે વિભિન્ન દંતકથાઓ તથા અનેક ઐતિહાસિક ઘટનાઓ જોડાતી ગઈ. સાગરમંથનથી ચૌદરત્નો સહિત લક્ષ્મી પ્રગટ્યાં. મહાકાળીનો શિવમાં સમાવેશ, શ્રીકૃષ્ણ દ્વારા નરકાસુરના અત્યાચારોનો અંત, શ્રી રામનું અયોધ્યામાં અપૂર્વ સ્વાગત, વર્ધમાન મહાવીર, સ્વામી દયાનંદ, સ્વામી રામતીર્થ વગેરેનો દેહાન્તોત્સવ તથા સુવર્ણ મંદિરનો પાયો નાંખવો વગેરે અનેક ઘટનાઓ સમય પર એની સાથે સંબંધિત થતી ગઈ. દિવાળી ઉજવવાની પદ્ધતિ અને કારણ ભલે ગમે તે હોય પરંતુ ભારતમાં સર્વ પ્રકારના સંપ્રદાયો દ્વારા આ તહેવાર ઘણો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

પુનઃ લોપ થયેલા સત્ય જ્ઞાનનો પ્રકાશ

સમયની સાથે સાથે ધીરે ધીરે આ ઘટનાઓનું મહત્ત્વ વધતું ગયું અને દીપાવલીનું વાસ્તવિક રહસ્ય લોપ થતું ગયું. સત્યજ્ઞાનનો અદ્વિતીય પ્રકાશ લોપ થયો. ફરીથી અજ્ઞાનના અંધકારનું સામ્રાજ્ય છવાવા લાગ્યું. મનુષ્ય દાનવતા તરફ વળવા લાગ્યો. દેશથી સુખ અને સમૃદ્ધિની દેવી કોપિત થઈ ગઈ. પહેલા જેવી ગુંગળામણ અને બેચેની વધવા લાગી. દિવ્ય અને અલૌકિક જ્યોતિનું પાવનપર્વ - દીપાવલીની સ્મૃતિઓ હવે ઝાંખી પડવા લાગી. અજ્ઞાનના અંધકારમાં ડૂબેલો મનુષ્ય, સ્થૂળ અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરવા લાગ્યો.

પ્રકાશની તરફ લઈ જવાની પ્રાર્થના

મનુષ્ય અંધકારમાંથી પ્રકાશની તરફ લઈ જવાની પ્રવૃત્તિ સદા કરતો રહ્યો છે. તે અંધકારમાંથી આલોક તરફ જવા ઈચ્છે છે. અજ્ઞાનના અંધકારમાંથી સત્ય જ્ઞાનના પ્રકાશ તરફ લઈ જનારા પરમપિતા પરમાત્મા સ્વયં પણ પ્રકાશ સ્વરૂપે છે. તેથી તો પ્રાચીનકાળથી આજસુધી વિભિન્ન ધર્મોમાં એ સૃષ્ટિ રચયિતાની આરાધના વિરાટ જ્યોતિપુંજના રૂપમાં કરવામાં આવે છે. દિવ્ય જ્યોતિસ્વરૂપ પરમાત્માને જ અંધકારની ગૂંગળામણમાંથી બહાર કાઢવાની, પ્રકાશના સુખદ અનુભવની તરફ લઈ જવાની પ્રાર્થના કરવામાં આવી. આર્યોનું તો પ્રાચીનકાળથી સૂત્ર છે, 'તમસો મા જ્યોતિર્ગમય' ઈશુએ પણ બાઈબલમાં કહ્યું હતું 'અમારે પ્રકાશ જોઈએ.' ઈસ્લામધર્મના પ્રવર્તક હજરત મોહમ્મદે પણ 'પ્રકાશ આપો'ની કામના વ્યક્ત કરી હતી. પારસીઓના ધર્મગ્રંથ 'અવેસ્તા'માં પણ લખ્યું છે 'અમને અગ્નિ યા આલોક જોઈએ' જૈન અને બૌદ્ધ ધર્મના પ્રવર્તક મહાવીર સ્વામી અને મહાત્મા બુદ્ધ જ્ઞાનના આલોકની શોધમાં જ આજન્મ લીન રહ્યા. ગુરુ નાનક દેવજી, સ્વામી રામતીર્થ, દયાનંદ, વિવેકાનંદ વગેરે અનેક મહાપુરુષોએ પણ અજ્ઞાનના અંધકારને સમાપ્ત કરવા વિશ્વમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ આટલું સર્વ કરવા છતાં પણ અંધકાર તો વધતો જ જઈ રહ્યો છે.

લાખો રૂપિયા પાણીની જેમ વહેશે.

આ વર્ષે પણ પ્રકાશના સોનેરી વિમાન પર સવાર, અમાવસના અંધકારને દૂર કરવા માટે આલોકનાં સોનેરી કિરણોને પોતાનામાં સમેટતી 'દીપાવલી' આવી રહી છે. મનુષ્યોમાં ફરીથી અંધકારને સમાપ્ત કરવા માટેનો ઉત્સાહ જાગૃત થશે. એક બે નહીં, અગણિત દીપ અમાવાસ્યાની આ ઘોર રાત્રિમાં ઝગમગી ઉઠશે. અસંખ્ય દીપમાળાઓ પ્રજ્વલિત થશે. અગણિત રંગબેરંગી મીણબત્તીઓ અને વીજળીના બલ્બોનો અદ્વિતીય

પ્રકાશ દેશમાં ઝગમગી ઉઠશે. લાખો રૂપિયા દીપાવલીના પર્વમાં ખર્ચાશે. તેજ ધ્વનિ તથા ઝેરીલી ગેસો ભરેલું દારૂખાનું અંધકારને ફરી પાછો ન આવવાની ચેતવણી આપશે. ઘરો અને વેપારનાં સ્થળોએ સોનેરી પ્રકાશ ફેલાવીને, વિભિન્ન પ્રકારની સુગંધોની ભીની ભીની ખુશબૂથી રાતભર સુખ અને સમૃદ્ધિની દેવી-લક્ષ્મીનું જોરદાર આવાહ્ન કરવામાં આવશે. લક્ષ્મીના વરદાન ધનને સદાકાળ માટે પોતાની તિજોરીઓમાં બંધ કરવા ચારે બાજુ જુગારનું બજાર પણ ધમધમતું હશે.

અંતરનો અંધકાર દૂર થયો નહીં.

આજે મનુષ્ય અજ્ઞાનના અંધકારમાં એટલો ખોવાઈ ચૂક્યો છે કે આ તહેવારો દ્વારા આપવામાં આવતા દિવ્ય સંદેશ તરફ એનું ધ્યાન જતું નથી. દીપાવલીમાં જ્યાં એક બાજુ અસંખ્ય દીપમાલાઓ પ્રજ્વલિત કરે છે, તો બીજી બાજુ તે જ્ઞાનની જ્યોતિ માટે તડપતા, પોતાના અંતઃકરણમાં છુપાયેલા સાચા આત્મારૂપી ચૈતન્ય દીપકની ઉપેક્ષા કરી રહ્યો છે. તે પરમાત્મા દ્વારા મળી રહેલા દિવ્ય પ્રકાશની જ્યોતિથી પ્રકાશિત થતો નથી. મકાન, આંગણું, ગલીઓની સફાઈ કરીને એને સુંદર વસ્તુઓથી સુશોભિત તો કરે છે પરંતુ પોતાના આત્મારૂપી ઘરમાંથી વિકારો રૂપી કચરાને ફેંકીને, દિવ્યગુણ રૂપી સુંદરતાથી સજાવવા માટે તે ઉદાસીન છે. વર્ષભરનાં વેપારનાં લેખાં-જોખાં સમાપ્ત કરીને નવો હિસાબ-કિતાબ તો આરંભ કરે છે પરંતુ અત્યાર સુધીનાં કર્મોના હિસાબ-કિતાબની તરફ એની આંખો બંધ રાખી છે. માનવના અંતરનો અંધકાર દૂર થયો નહીં.

તે સદીઓથી રાતદિવસભર જાગીને લક્ષ્મીની આરાધના કરવા છતાં પણ એનું દર્શન પણ કરી ના શક્યો. આટલું સર્વ કાંઈ પ્રત્યક્ષ જોવા છતાં પણ માનવ પોતાની આત્મજ્યોતિ પ્રગટાવવા માટે ઉદાસીન છે. કારણ કે અંધશ્રદ્ધા તથા રૂઢિવાદીઓની જાળમાં તે એટલો ફસાઈ ચૂક્યો છે કે તે એને તોડવાનું સાહસ કરી શકતો નથી.

અંધકારનું મૂળ કારણ-વિકાર

વાસ્તવમાં આ સર્વનું મૂળ કારણ છે આપણા અંતઃકરણમાં છવાયેલ અજ્ઞાનનો અંધકાર, જેણે આપણા વિવેકને સમાપ્ત કરી દીધો છે. આ અજ્ઞાનના અંધકારનું મૂળ કારણ છે - વિકારોનો સમાવેશ. આવા સમયે જ્યારે આ સૃષ્ટિના સમસ્ત આત્માઓની જ્ઞાનજ્યોતિ બુઝાઈ ચૂકી છે અને મનુષ્ય આત્માઓ સાચું માર્ગદર્શન ન મેળવતાં ખોટા રસ્તાઓ ઉપર ભટકી રહ્યા છે. એ દિવ્યજ્યોતિ પુંજ પરમપિતા પરમાત્માનું દિવ્ય અવતરણ થાય છે. સદા કલ્યાણકારી હોવાને લીધે એ પરમાત્માનું વાસ્તવિક નામ શિવ છે. સૂર્ય, ચંદ્ર, તારાઓથી દૂર, બ્રહ્મા, વિષ્ણુ, શંકરની પુરીઓવાળા સૂક્ષ્મલોકથી પણ દૂર, પરમધામ એમનું નિવાસસ્થાન છે. સૃષ્ટિના સત્યજ્ઞાન દ્વારા એક જ ધર્મવાળી દૈવી સૃષ્ટિની સ્થાપના, એની પાલના તથા પતિત સ્વરૂપ - કલિયુગનો વિનાશ જ એમનાં મુખ્ય કર્તવ્યો છે.

પોતાના મનને સર્વ સાંસારિક ભોગ પદાર્થોથી દૂર કરીને પરમપિતા પરમાત્માની દિવ્ય સ્મૃતિમાં જોડવું એ જ યોગ કહેવાય છે. જો મનુષ્ય પોતાના જીવનમાં બ્રહ્મચર્ય, સત્સંગ, શુદ્ધ અન્ન તથા દૈવીગુણોની ધારણા કરીને પરમપિતા પરમાત્મા સાથે બુદ્ધિયોગ જોડીને, એનાથી મળનારી દિવ્યજ્યોતિમાં પોતાને ઝગમગાવશે તો ઘણા થોડા સમયમાં જ તે અજ્ઞાનના અંધકારને દૂર કરી શકે છે. આત્મારૂપી ચૈતન્ય દીપોને પ્રગટાવવાનો સમય અત્યારે છે. જો આપણે સાચી

(અનુસંધાન પેજ નં. 21 પર)

રાજયોગીઓ થાકશો નહીં

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

મનુષ્ય જીવન એક લાંબી યાત્રા છે. આ યાત્રામાં મનુષ્યને ક્યાંક ફૂલ મળે છે તો ક્યાંક કાંટા, ક્યાંક મિત્ર મળે છે તો ક્યાંક શત્રુ, ક્યાંક એને પ્રેમ મળે છે, તો ક્યાંક નફરત. જીવનની ચડતી પડતી એને થકવી દે છે. કોઈને જીવનમાં આવનારાં વિઘ્ન થકવી દે છે. તો કોઈને પોતાનાં પ્રિયજન.

કલિયુગના અંત સુધી આવતાં આવતાં લગભગ સર્વ મનુષ્યાત્માઓ થાકી જાય છે. કોઈ કોઈ તો હિંમત પણ હારી જાય છે, તો કોઈ નિરાશાની ગર્તામાં ફસાઈ પડે છે. આ થાક મનુષ્યના ચહેરાઓ ઉપર સ્પષ્ટ રીતે દેખાય છે. તનાવ તથા દુઃખ તે થાકનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. મનુષ્યોના ચહેરાઓ ઉપર ખુશી અદૃશ્ય થતી જાય છે, ચિંતનનું સ્થાન ચિંતાએ લઈ લીધું છે, અસાધ્ય રોગોનો પ્રકોપ મનુષ્યને હતાશ કરી રહ્યો છે.

મનુષ્યાત્માઓની આ યાત્રા 5000 વર્ષ સુધી ચાલી. આ આત્માઓ પૂર્ણ રીતે થાકી ગયા છે ત્યારે સ્વયં ભગવાન સાચા મિત્ર બનીને આ યાત્રામાં આપણા સાથી બની ગયા છે. જેઓએ એમને ઓળખી લીધા, તેઓ એમનો સાથ મેળવીને ધન્ય ધન્ય બની ગયા છે. એમનો જન્મ-જન્મનો થાક દૂર થયો છે પરંતુ જેઓએ એમને ઓળખ્યા નથી, તેઓ અત્યારે પણ એમની શોધમાં ભટકી રહ્યા છે અને એમનો થાક દિવસે-દિવસે વધી રહ્યો છે.

રાજયોગ પથના રાહી પણ થાકનો અનુભવ કરી રહ્યા છે. તેઓ વિચારતા હતા કે આ ખેલ સત્વરે સમાપ્ત થઈ જશે. પરંતુ એમને લાંબા સમય સુધી રાહ જોવી પડી. જીવનના સંઘર્ષોએ આ સુગમ પથને બોજપૂર્ણ બનાવી દીધો. અહીં આપણે થાકનાં કારણો દર્શાવી એના સમાધાન માટેની વાતો કરીશું.

થાકનાં કારણો અને નિવારણ

કલિયુગના અંત સુધી આવતાં આવતાં મનુષ્યનું મન અતિ નિર્બળ થઈ ગયું છે. તેથી મનુષ્ય વધારે વિચારે છે અને નકારાત્મક વિચારે છે. આ રીતે વિચારતાં વિચારતાં જ મન અતિ નિર્બળ થઈ જાય છે. નિર્બળ મન ઉપર પરિસ્થિતિઓનો ખોટો પ્રભાવ પડે છે. મનુષ્ય સ્વયંથી જ હારી જાય છે. તે હથિયાર હેઠાં મૂકી દે છે અને વધારે થાક અનુભવતાં ક્યાંક ક્યાંક પથ વિમુખ પણ બની જાય છે.

બીજાઓનાં કટુવચન થકવી દે છે.

પરિવારોમાં, સંગઠનોમાં, સંબંધોમાં જેમને આપણે બહુજ પ્રેમ કરીએ છીએ તેઓ જ આપણું અપમાન કરે છે. એ માની મનોસ્થિતિની કલ્પના કરો. જ્યારે પોતાના જ દિલના ટુકડા (સંતાનો) એની સાથે કટુ વાણીનો વ્યવહાર કરે, એ સમયે એના ઉપર શું વીતતું હશે. જે સંતાનો માટે મા-બાપે રાત-દિવસ મહેનત કરી. એનો ખરાબ વ્યવહાર જ એમને થકવી દે છે. પત્ની પ્રત્યે જો સ્નેહ તથા સન્માન ના હોય કટુ વાણીનું આદાન-પ્રદાન છે તો એનું જીવન નરક સમાન બની જાય છે. મોટે ભાગે જ્યારે બીજાઓના અસભ્ય બોલ મનુષ્યની ભાવના તથા અહંને ચોટ પહોંચાડે છે તો તે અંદરથી ભાંગી પડે છે.

થાકનું નિવારણ

આ માનસિક થાક અનેક લોકો માટે ભયાનક બની ગયો છે. રાજયોગ મેડીટેશન એનો

સરળ ઉપચાર છે પણ મનની ચંચળતાને કારણે સૌ એમાં સફળ થતા નથી. આપણે આપણા મનને સરળ બનાવવું પડશે. સ્વમાનનો અભ્યાસ વધારવો પડશે જેથી બીજાઓના વ્યવહારને આપણે સહજભાવથી લઈ શકીએ.

જેઓ ઈશ્વરીય પથ પર ચાલી રહ્યા છે તે ધ્યાન આપે. આપણે મનુષ્યોના શબ્દો પર વધારે ધ્યાન આપીએ છીએ તેટલું ભગવાનના મહાવાક્યો ઉપર ધ્યાન આપતા નથી. જ્યારે કોઈ આપણને અપમાનિત કરે છે ત્યારે એના એક એક શબ્દ ઉપર ધ્યાન આપીએ છીએ. વાસ્તવમાં ભગવાનના મહાવાક્યો ઉપર ધ્યાન આપીએ કે તેમણે શું કહ્યું છે. પરમાત્માએ કહ્યું છે બાળકો, તમારે માન-અપમાનમાં સમાન રહેવાનું છે. પરમાત્માનાં મહાવાક્યો યાદ કરતાં જ મનમાં શક્તિનો સંચાર થઈ જશે.

પોતાના સંસ્કારો જ મનુષ્યને થકવે છે.

વધારે વિચારવાના સંસ્કાર, પરેશાન થવાના સંસ્કાર, ચીડિયાપણાના સંસ્કાર તથા અનુમાન કરવાના સંસ્કાર એવા સંસ્કારો છે જેની લીધે કારણ વિના મનુષ્ય પરેશાન રહે છે. એમ જ બેઠાં બેઠાં અનુમાન કરવાના સંસ્કારથી તે નકારાત્મક બની જાય છે. તે પોતાની ભાવનાઓ અને દૃષ્ટિકોણને બગાડી દે છે. આ બાબતો મનુષ્યને માનસિક રીતે નબળો બનાવી દે છે. કેટલાક લોકો પરિસ્થિતિવશ ચીડાયેલા રહે છે. એનો પ્રભાવ એના મસ્તિક પર પડે છે જે એને થકવી દે છે તથા બીમારીઓને જન્મ આપે છે. તે તો મનુષ્યનો સર્વનાશ જ કરે છે.

આપણે આપણી સંકલ્પશક્તિને ઓળખવાની છે. આ મહાનશક્તિ મહાન વિચારોથી આવે છે. આપણે ઈશ્વરીય મહાવાક્યોનું દિવસમાં બે વાર અધ્યયન કરીએ. પોતાની વ્યર્થ ટેવો ઉપર ધ્યાન આપીએ. સ્વયંની સાથે વાતો કરીએ. આ કલાનો વધારો કરીએ. લોકો આપણા વિશે શું વિચારે છે તેને વિદાય આપીને એ વિચારીએ કે આપણે પોતાના વિશે શું વિચારીએ છીએ. સ્વયંને આ વિકૃતિઓથી મુક્ત કરીએ. એની વિધિ છે પોતાના પાંચ સ્વરૂપોને સ્મૃતિમાં લાવવાં.

કેટલાક થાક્યા છે બીમારીઓથી

સતત બીમારીઓનો શિકાર બનતાં મન અને તન પણ થાકી જાય છે. કેટલીક બીમારીઓ પૂર્વ જન્મોનું પરિણામ છે તો કેટલીક વર્તમાન ભૂલોને કારણે છે. ભોજન તથા જીવન પદ્ધતિ ઉપર ધ્યાન આપીએ. દરરોજ થોડો સમય શરીરને પણ આપો. અતિ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે જો આપણે મનને શક્તિશાળી બનાવી રાખીએ તો બીમારીઓ આપણને થકવશે નહીં. મનુષ્ય પહેલાં પોતાના મનને નિર્બળ કરે છે પછી તેનો આત્મવિશ્વાસ તથા દૃઢતા ડગમગે છે. નબળા મનથી નબળાં તરંગો દેહમાં ફેલાય છે. તેના કારણે શરીર વધારે નબળું તથા રોગગ્રસ્ત રહેવા લાગે છે.

વ્યાધિઓનો યોગ્ય ઈલાજ પણ કરાવીએ. અમારી સલાહ છે કે આપ પ્રાકૃતિક ચિકિત્સા અવશ્ય કરાવો. જેઓ વધારે બીમાર રહે છે તેઓ એક વર્ષમાં એક માસ આ ચિકિત્સાને અપનાવે. સાથે સાથે અશરીરી બનવાનો પણ અભ્યાસ કરીએ. ધ્યાન રાખીએ કે સ્વમાન દ્વારા સારી શક્તિઓના તરંગ શરીરને આપીએ. બીમારી આવી છે, તો જશે. એટલે થાકશો નહીં.

મનુષ્યને જવાબદારીઓ થકવી રહી છે.

ધન ઓછું અને પરિવાર મોટો, કામ વધારે સમય ઓછો, પદ મોટું, યોગ્યતા સાધારણ,

બીજાઓને સાથે લઈને ચાલવાની કળાનો અભાવ, બાળકોનું ખરાબ સંગમાં જવું, બાળકોની વધારે પડતી ઈચ્છાઓ પૂરી કરવી, બધાં બાળકોનાં લગ્ન અને એમને સારી રીતે સેટ કરવાની જવાબદારી, આ એવી વાતો છે જે મનુષ્યને થકવી દે છે.

સરળચિત્ત બનીએ. ઈશ્વરીય જ્ઞાન લઈને એનો પ્રયોગ કરીએ. ભગવાનને પોતાના સાથી બનાવીએ. કેટલાક ઉપાયો છે જવાબદારીઓને ઘટાડવાના. સૌનાં સર્વ કાર્ય પૂર્ણ થઈ રહ્યાં છે. આ સૃષ્ટિચક્ર સારી રીતે ચાલી રહ્યું છે. પણ માનવ હું જવાબદાર છું, મારે કરવાનું છે એમ સમજીને ભારે થઈ જાય છે. આ હું હું નો ભાર જ મનુષ્યને ભારે બનાવીને થકવી દે છે. વિચારો, હું નહીં હોઉં તો શું આ કાર્ય નહીં ચાલે. અવશ્ય ચાલશે.

થાકનું કારણ વિઘ્ન, સમસ્યાઓ

કળિયુગના આ મહાભયાનક કાળમાં જો કોઈના ઉપર વિઘ્નોની વર્ષા થવા લાગે તો એનું મનોબળ તૂટી જાય છે. વિઘ્નોની દીવાલોને તોડતાં તોડતાં મનુષ્ય વધારે થાકી જાય છે. વ્યાપાર ધંધામાં વિઘ્ન, એમાં અસફળતા, હાનિ, નુકસાન અને દગો મનુષ્યને થકવી દે છે. પરંતુ આપ થાકો નહીં. યાદ રાખો-જેટલા આપણે ઊંચા જઈશું તો તોફાન તો આવશે. જેને સફળતાની ચરમસીમાએ પહોંચવું છે એણે વિઘ્નોને તો પાર કરવાં પડશે. એટલે યાદ રાખો તે વિઘ્નોનું કારણ નથી. કારણ વિઘ્નોનું નથી, એના પ્રત્યે આપણા દૃષ્ટિકોણનું છે. આપણે એવું માનીએ કે વિઘ્નો આપણા બંધ દ્વારને ખોલશે. વિઘ્ન આપણા અનુભવોમાં તથા વિવેકમાં વૃદ્ધિ કરશે. વિઘ્ન આપણને શક્તિશાળી બનાવશે.

જે જ્ઞાનયુક્ત મનુષ્ય છે અને જેમણે ભગવાન સાથે પોતાનો સંબંધ જોડ્યો છે એમને પરમાત્મા દ્વારા વરદાન મળેલું છે કે તમે સર્વશક્તિવાનનાં બાળકો માસ્ટર સર્વ શક્તિવાન છો. તમારામાં વિઘ્નોને નષ્ટ કરવાની શક્તિ છે. તમે વિઘ્નવિનાશક છો. આ વરદાનોને દરરોજ પાંચ વાર યાદ કરવાથી આપ શક્તિશાળી પણ બની જશો તથા વિઘ્ન મુક્ત પણ બની જશો.

મનોવિકાર મનુષ્યને થકવી દે છે.

મનની સંકુચિતતા, ઘૃણા તથા નફરત, બદલાની ભાવના અને બીનજરૂરી ઈચ્છાઓ તથા તૃષ્ણાઓ મનુષ્યને થકવી રહી છે. કોઈને કામવાસનાની ઈચ્છાઓએ થકવ્યા, કોઈને ક્રોધની સળગતી જ્વાળાઓએ થકવ્યા છે. કોઈને મોહે થકવ્યા છે તો કોઈને લોભે નચાવ્યા છે. ખરેખર સર્વઆત્માઓ થાક અનુભવી રહ્યા છે. જેને પણ મળો તે રોદણાં રડશે.

આપણે આપણા મનને શાંત કરીએ. આપણે આપણી તૃષ્ણાઓને છોડી દઈશું તો જીવનની યાત્રા આનંદદાયી બની જશે. આ પવિત્ર બનવાનો સમય છે. પવિત્રતામાં સુખશાંતિ સમાયેલી છે. આત્માનું મૂળ સ્વરૂપ જ પવિત્ર છે. હવે ફરીથી પવિત્ર બનો તો જીવન આનંદદાયી ખેલ બની જશે.

બીનજરૂરી કામનાઓનો ત્યાગ કર્યા વિના કોઈપણ સુખી થઈ શકતું નથી. ઘૃણા, દ્વેષ, નફરત તથા બદલાની ભાવના. આ ગંદકીને મનમંદિરમાં સાચવી રાખવાથી કોઈ સુખી બની શકતું નથી. પોતાના મનમાં બીજાઓના કલ્યાણની ભાવનાઓ જગાવો એનાથી મન સ્વચ્છ બનશે અને તમે સુખના ઝૂલામાં ઝૂલી શકશો.

હે રાજયોગીઓ થાકો નહીં. તમારે તો સર્વનો થાક દૂર કરવાનો છે. આળસુ ના બનો. તમારે તો જગતને જગાડવાનું છે. કમજોર ના

બનો, તમારે તો સર્વને શક્તિઓની સકાશ આપવાની છે. તમે થોભી જશો તો સંસારની ગતિ થોભી જશે. તમે સૂઈ જશો તો અનેક મનુષ્ય અંધકારમાં ભટકી જશે. ઉઠો, સમય તમારી રાહ જોઈ રહ્યો છે. ઉઠો, તમારે વિશ્વનું કલ્યાણ કરવાનું છે. તમે વિશ્વના આધારમૂર્ત છો. તમારા એક એક કર્મનો, તમારા સંકલ્પોનો પ્રભાવ સમગ્ર વિશ્વ સુધી, સર્વ ધર્મોના આત્માઓ સુધી જાય છે.

જીવનની સમસ્યાઓને પરીક્ષા સમજો. મહત્ત્વ પરીક્ષાનું નથી પણ મહત્ત્વ તો એ વાતનું છે કે પરીક્ષામાં તમે કેટલો નંબર મેળવો છો. આ સૂક્ષ્મ પરીક્ષાઓને ઓળખો. આ વિઘ્ન યા વાતો તમારા જ પૂર્વના કર્મોનું પરિણામ છે. એનો સ્વીકાર કરો અને યાદ રાખો કે આ દિવસો જલદીથી પૂરા થવાના છે. તમારા સોનેરી દિવસો તમારી રાહ જોઈ રહ્યા છે. નિરાશ કે ઉદાસ ના થશો કારણ કે તમે ભગવાનનાં મહાન બાળકો છો. સમગ્ર સંસાર તૃષિત નજરોથી તમારી તરફ જોઈ રહ્યો છે.

એટલે હે રાજયોગીઓ, તમે થાકશો નહીં. ના માયાથી, ના પુરુષાર્થથી. એમ પણ ના વિચારો અમે પુરુષાર્થ તો ઘણો કરી રહ્યા છીએ પરંતુ કંઈ મળતું નથી. તમારો પુરુષાર્થ અવિનાશી બેંકમાં જમા થઈ રહ્યો છે. થાકીને પુરુષાર્થને છોડશો નહીં. આ સાધનાનો માર્ગ લાંબો છે. એમાં કોઈને તરત જ પ્રાપ્તિ થાય છે, તો કોઈને રાહ જોવી પડે છે. તમે નિરંતર ચાલતા રહો. ચાલતા રહેવાથી જ મંઝિલ મળશે, થોભી જવાથી નહીં.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 17નું અનુસંધાન)...**પ્રસન્નતાના પથ**

આવતું કે ઠીક કેમ કરવાનું છે ?

ઉત્તર - તે ખબર નથી. એટલે રાજયોગથી જ્યારે આપણે મૂળ વાત શીખી લઈએ તો પરિવર્તન થવું મુશ્કેલ નથી હોતું. હવે આ સંબંધથી એક સંબંધ જોડાઈ ગયો, હવે તે સંબંધનું શું કરવાનું છે. રોજ યાદ કરવાનો છે. પ્રયોગ કરવાનો અર્થ છે જેવું તેને યાદ કર્યું તો તેની વિશેષતા છે તે આપોઆપ મારી અંદર આવવા લાગે છે. આપ અત્યારે જ જુઓ કોઈને યાદ કરો, આપ અહીં બેસીને આપનાં બાળકોને યાદ કરો તો તે પ્યાર, તેનો અનુભવ આપને અત્યારે જ થઈ જશે. આપ બીજા કોઈને યાદ કરો જેની સાથે તમારા સંબંધ બરાબર નથી, અહીં બેઠા બેઠા દર્દનો અનુભવ થશે. તે અહીં નથી પરંતુ તેની યાદમાં એટલી શક્તિ છે કે તેઓ તે અનુભવને નિર્મિત કરવા લાગશે. જ્યારે અનુભવ ઉત્પન્ન થયો મતલબ આપના સંસ્કાર બનવા લાગ્યા. હમણાં આપે પ્યારનો અનુભવ કર્યો તો આપનાં પ્યારનાં સંસ્કાર નિર્મિત થયા, આપે દર્દનો અનુભવ કર્યો તો દર્દના સંસ્કાર નિર્મિત થયા.

હવે આપ પવિત્રતાના સાગરને યાદ કરો છો તો આપનાં કયા સંસ્કાર નિર્મિત થશે ? પવિત્રતાના. આપ શાંતિના સાગરને યાદ કરો છો તો કયા સંસ્કાર નિર્મિત થશે ? શાંતિના. તો આ મેડિટેશન બહુ જ સરળ છે.

॥ ઓમશાંતિ ॥

અનુ. બ્ર.કુ. રમેશ, ભાવનગર

- **કર્મેન્દ્રિયોથી કોઈપણ વિકર્મ કરવાનું નથી. જ્ઞાન અને યોગબળથી મનના તોફાનો ઉપર વિજય મેળવવાનો છે.**

- **પોતાના શ્રેષ્ઠ સંકલ્પોની એકાગ્રતા દ્વારા અન્ય આત્માઓની ભટકતી બુદ્ધિને એકાગ્ર બનાવવી તે સાચી સેવા છે.**

પ્રસન્નતાના પથ પર

રાજયોગ શક્તિ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આ દિવસોમાં આપણે વાત કરી રહ્યા છીએ ખુશીનાં સ્તરની કે કેવી રીતે આપણી ખુશી ગુમ થઈ જાય છે પરંતુ જ્યારે આપણે આપણી ઉપર કામ કરવાનું શરૂ કર્યું ત્યારે ઘણાં કારણો સમજમાં આવ્યા. હવે આપણને સમજાયું કે ખુશી આપણી અંદર જ છે તેને ક્યાંય બહાર શોધવાની નથી. તે એક એવી સ્થિતિ છે જેમાં હું હંમેશા રહી શકું છું. તે કેવી રીતે શક્ય છે તે આપણે જોયું અને તેમાં રાજયોગ મેડિટેશનનું મહત્ત્વનું યોગદાન છે.

આજે પોતાની ઓળખ પછી કેટલીક વાતો જાણીએ છીએ કે કેવી રીતે તે ઓળખને સતત આપણી સાથે કાયમ રાખી શકીએ કે ‘હું કોણ છું’, તેની ઉપર વાત કરવા માટે આપણી સાથે છે બ્રહ્માકુમારી શિવાની બહેન.

પ્રશ્ન - શિવાનીબેન, જ્યાં એ વાતની ખબર પડી કે ‘હું કોણ છું.’, હું એ ચૈતન્ય શક્તિ છું જે આ પૂરા શરીરને ચલાવું છું, હું તેની માલિક છું. આ તો આપણને બહુ જ જુદો અનુભવ કરાવે છે.

ઉત્તર - આ શક્તિ છે. ઘણાં બાળકો કહે છે કે તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ છે તો ‘આત્મ વિશ્વાસ’ કેવી રીતે આવશે ! જ્યાં સુધી આપણે ‘સ્વયં’ને નહીં જાણીએ ત્યાં સુધી આત્મ વિશ્વાસ નહીં આવે. જ્યારે આપણને ‘સ્વયં’નો જવાબ મળી જાય છે તો વિશ્વાસ આપોઆપ આવે છે. આથી જ્યાં ‘સ્વયં’નો જવાબ મળી જાય છે તો વિશ્વાસ આપોઆપ આવે છે. આથી જ્યાં ‘સ્વયં’ શબ્દ આવે છે તો સૌથી પહેલાં ‘હું કોણ છું’ એ જાણવાનું છે અને જ્યારે ‘હું’ની ઓળખ મળી જાય છે ત્યારે ‘હું’થી સંબંધ જોડાવા લાગે છે. આપણે આપણું ધ્યાન જવાબદારી સાથે રાખવા લાગીએ છીએ. તેમાં મેડિટેશન આપણને ‘સ્વ’થી સંબંધ જોડવામાં મદદ કરે છે. તેને માટે આપણે કેટલાક સકારાત્મક સંકલ્પ કરવાની આવશ્યકતા છે. તેને માટે આપણે નીચે મુજબનાં વિચારો લઈ શકીએ. ‘હું પવિત્ર આત્મા છું, હું શાંત સ્વરૂપ આત્મા છું.’ વગેરે.. વગેરે... આ અનુભવ આપણને એક દિવસ, બે દિવસ, દસ દિવસમાં થવાનો નથી, તેને માટે આપણે લગાતાર અભ્યાસ કરવો પડે છે.

જ્યારે આપણે કેન્દ્ર ઉપર આવીએ છીએ તો યાદ અપાવવાની એ પ્રક્રિયા રોજ થાય, અહીં આવ્યા વગર અને રોજ અભ્યાસ કર્યા વગર બે-ચાર દિવસમાં તે વાત ભૂલાઈ જાય છે. કારણ પછી એ જ વાતાવરણ જ્યાં બધા લોકો દેહભાનમાં છે, મારા પોતાનાં સંસ્કાર પણ પાકા છે. એ માટે આપણે રોજેરોજ કેન્દ્ર ઉપર જવું જોઈએ જેથી યાદ ધીમે ધીમે સ્વાભાવિક થઈ જાય છે. રોજ આપણે કેન્દ્ર ઉપર આધ્યાત્મિક વાતોનો અભ્યાસ કરીએ છીએ જેનું ધ્યાન એ હોય છે કે ‘હું કોણ’ તે આપણે રોજ યાદ રાખવાનું હોય છે અને મારી વિશેષતા શું છે અને જ્યારે તે યાદ આવે છે તો હું કોનો? માની લ્યો હું બેટરી છું, મારી શક્તિ આજે થોડી ઓછી થઈ ગઈ છે તો હું તેને વધારવા માટે શક્તિ કેન્દ્ર (પાવર હાઉસ)થી જોડીશ.

આપણે પહેલાં જે મેડિટેશનની વાત કરી

હતી તે કાં તો શ્વાસ લેવાની પદ્ધતિ હતી કે મંત્રજાપ હતો અથવા વિચારશૂન્યની સ્થિતિ હતી કે પછી કેટલાક લોકો ચક્ર ઉપર પણ ધ્યાન કરતા હતા અને હું ખુદ ઉપર ધ્યાન કરી રહી છું. તે ડિસ્ચાર્જ બેટરીની જેમ છે જેને સ્વયં ચાર્જ કરીએ છીએ, જો કે તેઓ પ્રાપ્ત કરે છે પરંતુ મહેનત ખૂબ વધારે અને પરિણામ એટલું નથી તો પછી એ માટે કહીએ છીએ મારે એક કલાક, બે કલાક રોજ કરવાનું છે કારણ ડિસ્ચાર્જ બેટરી જો પાવર હાઉસથી જોડાઈ જાય તો બેટરી ચાર્જ થઈ જાય છે. પરંતુ આપણે એ ધ્યાન રાખવાનું છે કે કનેક્શન મજબૂતીથી જોડાયેલું હોય, જો સંબંધ ઢીલો થઈ જશે કે સંબંધ થોડો નબળો હશે તો વર્ષોનાં વર્ષો એવી રીતે રાખશો તો ચાર્જ નહીં થાય, જો સારી રીતે જોડાયેલો છે તો ચાર્જીંગ થવાનું જ છે.

એ માટે મેડિટેશન કરવા માટે ખુદની ઓળખ થયા બાદ આપણને તેની ઓળખ થવી જોઈએ કે પરમાત્મા કોણ છે ? કારણ આજે પરમાત્મા વિશે પણ આપણા મનમાં ઘણા બધા પ્રશ્નો છે, શક છે, એટલે બધી શંકાઓ છે કે ઘણી વખત લાગે કે પરમાત્મા છે કે નથી. જેનાં અસ્તિત્વ વિશે જ શક હોય તો તેની સાથે સંબંધ જોડવો બહુ મુશ્કેલ હોય છે. હવે જ્યારે આપણે આપણને શરીર માન્યું, ભૌતિક વસ્તુ સમજ્યા ત્યારે આપણે વિચાર્યું કે મારા પિતા પણ કોણ હશે - શારીરિક જ હશે. અહીં એક ભૂલ થવાથી ફરી બીજી ભૂલ થઈ કે હું શરીરરૂપમાં શોધવાનું શરૂ કર્યું પરંતુ જ્યારે આપણી સમજમાં આવ્યું કે હું એક ઉર્જા છું, પવિત્ર અનુભવ સ્વરૂપ છું તો મારા પિતા કોણ ? તો તે પણ અનુભવ સ્વરૂપ જ હશે અને એટલે જ અમે કહીએ છીએ કે હું આત્મા પરમાત્મા પિતાનું સંતાન છું. તે સર્વશક્તિમાન છે. ‘હું શાંત સ્વરૂપ આત્મા છું.’ તે શાંતિના સાગર છે. એવું નહીં કે હું નાનો આત્મા છું તો તે મોટો આત્મા છે.

પ્રશ્ન - એક બહુ મોટી માન્યતા છે કે લોકો એમ સમજે છે કે આત્મા જઈને પરમાત્મામાં સમાઈ જાય છે.

ઉત્તર - ઘણી બધી વાતો સાંભળી છે, વાંચી છે, પરંતુ કદાચ તેની ઉપર ક્યારેય વિચાર નથી કર્યો. સાંભળી લીધું અને તે સ્વીકારી લીધું અને જે પણ આપણે સાંભળ્યું તેની પાછળ એક રહસ્ય હતું, એક અર્થ હતો, પરંતુ આપણે કદી અર્થ સમજ્યા જ નહીં. જેમ કે હું પરમાત્મામાં સમાઈ જાઉં. વાસ્તવમાં તેનો અર્થ શું છે ? તેનો અર્થ છે કે હું તેને એટલું યાદ કરું તેમના પ્યારમાં એટલી મગ્ન થઈ જાઉં કે જેમ તેની યાદમાં સમાઈ જાઉં.

પ્રશ્ન - શરીરનાં રૂપમાં હું તેનામાં સમાઈ જાઉં ?

ઉત્તર - તેનું કારણ છે કે લોકો પોતાને શરીર સમજવાના કારણે જ એવું સમજે છે. જેવા તમે આત્મિક સ્વરૂપમાં સ્થિર થઈને આ મહાવાક્ય સાંભળશો તો આપને અનુભવ થશે સમાઈ જવું એટલે પ્યારમાં સમાઈ જવું, યાદમાં સમાઈ જવું પરંતુ દેહાભિમાનમાં છીએ તો હું સમાઈ જાઉં એટલે તે મારી સમજ છે. હવે જુઓ હું સમાઈ જાઉં પણ હું જાણું છું કે ઉર્જાનું ન તો નિર્માણ કરી શકાય છે ન તો તેને નષ્ટ કરી શકાય છે. જ્યાં હું કોઈ ચીજમાં અંદર સમાઈ ગઈ તો મારું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય છે, જે સંભવ નથી. તો આજ સુધી જે કાંઈ વાંચ્યું તેમાં અર્થ છે પરંતુ આત્માભિમાની થઈને આપણે તેનો અર્થ સમજવાનો છે. જેમ આપણે કોઈને બહુ પ્યારથી યાદ કરીએ છીએ તો કહીએ છીએ તેમાં જ ખોવાયેલા છે, પરંતુ આપ થોડા અંદર સમાઈ ગયા છો.

પ્રશ્ન - પ્રેમની પણ પરાકાષ્ટા એ જ કહેવાય છે કે ખુદને સમર્પિત કરી દઈએ, ખુદને ભૂલી જઈએ.

ઉત્તર - આપણે આપણાં સંકલ્પ અને અનુભૂતિ સાથે ખુદને સમર્પિત કરવાના છે નહીં કે આપણું અસ્તિત્વ જ મીટાવી દેવાનું છે. આથી પરમાત્માની બાબતમાં આજ દિવસ સુધી આપણે જેટલું વાંચ્યું છે તેની પાછળ એક અર્થ છે. પરંતુ કદાચ આપણે તેને એટલી સ્પષ્ટતાથી નથી વાંચ્યું. હવે પછી આપ જે કાંઈ વાંચો કે સાંભળો તેનું થોડું ઉંડાણથી મનન કરો.

રાજયોગમાં પરમાત્મા સ્વયં આવીને પોતાનો પરિચય આપે છે કારણ આજ સુધી આપણે સાંભળ્યું છે કે એવો સમય આવશે જ્યારે તે સ્વયં આવીને પોતાનો પરિચય આપશે. દરેક પોતાની રીતથી, પોતાનાં સંબંધના અનુભવથી સંભળાવી રહ્યા હતા પરંતુ તેનો ખરો પરિચય કોણ આપશે? જ્યારે પરમાત્મા ખુદ આવીને આપશે. દરેક સાહિત્યમાં પછી તે ભગવદ્ ગીતા હોય, બાઈબલ, કુરાન દરેકમાં એમ જ લખ્યું છે કે જ્યારે ધર્મની ગ્લાનિ થશે અને લોકો ખોટા કાર્યો કરશે, માનવતા નામની કોઈ ચીજ બચી નહીં હોય ત્યારે પરમાત્મા આવશે. સૌ પોતાને પૂછો કે શું આ તે સમય નથી.

પ્રશ્ન - ધર્મની પુનઃસ્થાપનાની જે વાત કહેવાઈ છે.

ઉત્તર - જ્યારે ધર્મની અતિશય ગ્લાનિ થયેલી હોય છે તો એ સમયે સત ધર્મની પુનઃસ્થાપના કરવા માટે પરમાત્મા સૃષ્ટિ ઉપર અવતાર લે છે અને પોતાનો પરિચય સ્વયં આપે છે કે જેમ કે હું આત્મા છું તો તે પણ આત્મા છે, પરંતુ પરમ આત્મા છે કારણ તે ગુણોમાં પરમ છે, સુપ્રીમ છે, તે પરમધામમાં રહેવાવાળા છે. પરમધામ એટલે આ સૃષ્ટિને પાર જે આપણે સૌ આત્માઓનું રહેવાનું સ્થાન છે જેને અમે 'આત્માઓની દુનિયા' કહીએ છીએ. આજે પણ જુઓ જ્યારે આપણે દર્દમાં હોઈએ અથવા દુઃખી હોઈએ છીએ તો ભગવાનને યાદ કરીએ છીએ તો નજર ક્યાં જાય છે - ઉપર. આપણને તે ખબર નહોતી કે ઉપર શું છે પરંતુ કાંઈક તો છે.

પરમાત્મા સૌથી પહેલા આવીને આપણને કહે છે કે તમે સૌ આત્મા છો પછી પોતાનો પરિચય આપે છે કે પરમાત્મા કોણ, ઘરનો પરિચય આપે છે કે પરમધામનો રહેવાવાળો છું તેનાથી વધારે સ્પષ્ટતા થાય છે કારણ આપણે પરમાત્માને યાદ કરીએ તો ક્યાં યાદ કરીએ, પરમાત્માના અસ્તિત્વને લઈને એટલા વિરોધાભાસ છે કે કદાચ જ બીજી કોઈ વાતમાં છે. કારણ આપણે કહ્યું કે પરમાત્મા તો દરેક જગ્યાએ છે, દરેકની અંદર છે, જ્યારે આટલો ભ્રમ થઈ જશે તો પરમાત્માને યાદ કરવા મુશ્કેલ છે. તો પરમાત્મા નિરાકાર અને જ્યોતિબિંદુ છે જેને અમે પ્યારથી 'શિવબાબા' કહીએ છીએ કારણ તેમણે ખુદ આવીને પોતાનું નામ કહ્યું કે તેમનું નામ 'શિવ' છે અને જ્યારે 'શિવ' કહીએ તો તેનો અર્થ થાય છે. બિંદુ. અને શિવ અર્થાત્ શાંતિ અને તે આપણાં સૌ આત્માઓના પિતા છે એટલે અમે તેને પ્યારથી 'બાબા' કહીએ છીએ. તો 'શિવબાબા' આવીને ખુદ પોતાનો પરિચય આપે છે કે તે શાંતિનાં સાગર છે, પવિત્રતાના સાગર છે, પ્રેમના સાગર છે અને મારા અને તેમનામાં મોટું અંતર એ છે કે આપણે સૌ આત્માઓ શરીર લઈએ છીએ અને આપણે આ જન્મ અને મૃત્યુના ચક્રમાં આવીએ છીએ તો આપણી બેટરી ડિસ્ચાર્જ થઈ જાય છે પરંતુ તે પરમ આત્મા આ સૃષ્ટિ ચક્રનાં જન્મ અને મૃત્યુના ચક્રમાં નથી આવતા તેથી તેમની જે શક્તિ છે તે હંમેશા સ્થિર રહે છે. એટલે એક માત્ર તેઓ જ છે જે આપણને આ ચક્રની બહાર કાઢે છે.

પ્રશ્ન - કારણકે ચક્રમાં ન હોય તેને જ સમાધાનની ખબર હોય. જેમ કે એક રમત રમી રહ્યા છે જે

નથી તેને બધી ખબર છે કે રમત શું છે ?

ઉત્તર - તો તે આપણને સૃષ્ટિ ચક્રનું જ્ઞાન સમજાવે છે અને આપણે તે સૃષ્ટિ ચક્રમાં કેવો પાર્ટ ભજવવાનો છે તે પણ શીખવે છે. પરમાત્માને જ્યારે આપણે ઓળખી લઈએ છીએ કે તે કોણ છે અને તેનું નિશ્ચિત કર્તવ્ય શું છે. આજ સુધી પરમાત્માની ભૂમિકા ઉપર પણ ઘણા બધા પ્રશ્નચિન્હ છે. જ્યારે પણ આપણે તકલીફમાં હોઈએ છીએ તો કહીએ છીએ કે ભગવાન મારી સમસ્યા ઠીક કરી દો.

પ્રશ્ન - ઘણી વાર આપણે કહીએ છીએ કે તમે જ આપ્યું હતું અને તમે જ લઈ લીધું.

ઉત્તર - એ બહુ મહત્ત્વનું છે કે તે મારી પરિસ્થિતિ છે, પરમાત્માનું કર્તવ્ય એ નથી કે તે આવીને મારી પરિસ્થિતિ ઠીક કરી દે કારણ મારી સામે જે પરિસ્થિતિ આવી છે તે તો મારા જ કર્મોનું પરિણામ છે જેને આપણે 'કર્મોનું ખાતુ' કહીએ છીએ. પરંતુ પરમાત્માની ભૂમિકા શું છે કે હું આત્મા પરમાત્માથી જોડાઉં, શક્તિ કેન્દ્રમાંથી તે શક્તિ ભરું. પોતાની અંદર તે શક્તિ ભરો અને તે શક્તિથી પોતાની પરિસ્થિતિનો સામનો કરો. જ્યારે પરમાત્મા સાથે સંબંધ જોડીએ ત્યારે એ માટે નહીં કે ભગવાન મારી સમસ્યાઓ ઠીક કરી દે, પરંતુ પરમાત્મા પાસેથી એ શક્તિ લઈએ અને તે પણ માંગવાની નથી, હે ભગવાન મને શાંતિ આપો. પિતા છે તો પિતા પાસેથી બાળકોએ માંગવું થોડું પડે. જે પિતાનું છે તે બાળકોનું છે. હવે જ્યારે આપણે મેડિટેશન કરીએ છીએ તો એમ નથી કહેતા કે ભગવાન મને શાંતિ આપો, પ્યાર આપો. આપણે શાંતિના સાગરનાં સંતાન છીએ તો એ સંકલ્પ કરીએ છીએ એ આપણી અંદર આપોઆપ શાંતિની શક્તિ આવી જશે. 'હું કોણ છું' તેનો ઉત્તર જોઈએ છેને, હું કોણ છું, હું શાંત સ્વરૂપ આત્મા છું, હું શાંતિના સાગરનું બાળક છું અને હું શાંતિના દેશમાં રહું છું. હું શાંત સ્વરૂપ આત્મા, શાંતિના સાગરનું બાળક, શાંતિધામનો રહેવાસી, હવે ગુસ્સો ...હવે ગુસ્સો ક્યાંથી ? કારણ આપણો આખો દિવસ જે વ્યક્તિત્વ છે તે કયા આધાર ઉપર છે 'હું કોણ છું, કોનું બાળક છું.' તે મહત્ત્વનું છે.

પ્રશ્ન - કેટલી વાર આપણે બોલીએ છીએ કે આપણને ખબર છે કે હું કોનું બાળક છું.

ઉત્તર - અને માતા-પિતા પણ બાળકોને જેમ કહે છે આમ નહીં કરવાનું, તમને ખબર છે કે તમે કયા ખાનદાનના છો, તમે કોના બાળક છો. જ્યારે તે યાદ આવી જશે તો વ્યક્તિત્વ આપોઆપ બદલાઈ જાય છે. આજથી એ સ્મૃતિમાં રાખવાનું છે 'હું કોણ છું, હું પવિત્ર આત્મા છું અને પવિત્રતાના સાગરનું સંતાન છું, હું સર્વશક્તિવાનનું બાળક છું. આખી દુનિયા તેને યાદ કરે છે કેમ ? કારણ કે તે પવિત્રતાના સાગર છે અને હું અપવિત્ર બની ગઈ છું, ખલાસ થઈ ગઈ છું. આજ દિવસ સુધી હું કહેતી હતી પતિતને પાવન બનાવવાવાળા પરંતુ સમજમાં નહોતું આવ્યું. પતિતને પાવન બનાવવાનો અર્થ શું છે ? હું આત્મા જે ડિસ્ચાર્જ થઈ ચૂકી છું. અપવિત્રતા જે આપણી અંદર આવી ગઈ છે તે પાવર હાઉસ સાથે જોડાવાથી તે પવિત્રતા પાછી મારી અંદર આવી જશે.

પ્રશ્ન - ખબર છે કેટલી વાર આપણે આપણને પોતાને સમજી પણ રહ્યા હોઈએ છીએ કે હું સારો નથી, અર્થાત્ કેટલીય વાર આપણને ચીજ જોવાતી હોય છે કે આ આપણાથી સારું ન થયું, આ આપણાથી ખોટું થયું, હવે ખબર તો પડતી નથી કે ઠીક કેમ કરવું, તો આપણે કહીએ છીએ કે ઠીક છે, તે આ રીતે છે ત્યાં કોઈ શરીર નથી અર્થાત હું આમ રહીશ કારણ આપણને સમજમાં નથી

(અનુસંધાન પેજ નં. 13 પર)

Merge (સુષુપ્ત) Emerge (જાગૃત)

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

શરીર અને આત્મા બન્નેના સંયોજનથી જે સજીવ તૈયાર થાય છે તેનાથી જીવન બને છે. જેમ એક હાથથી તાળી પડે નહીં પરંતુ તાળી પાડવા માટે બે હાથ જોઈએ. માત્ર એકલું શરીર હોય તો જીવન નથી તેવી જ રીતે માત્ર એકલો આત્મા હોય તો પણ જીવન નથી. જન્મ છે તો જીવન છે. મૃત્યુ છે તો પણ જીવન છે. મૃત્યુ પછી પણ જીવન સમાપ્ત થઈ જતું નથી. મૃત્યુ એ અલ્પવિરામ છે. પૂર્ણવિરામ નથી. શરીરના મૃત્યુથી ડ્રેસ એડ્રેસ બદલાય, જીવન બદલાય પરંતુ જીવન સમાપ્ત થાય નહિ. એક જગ્યાએ જીવન સમાપ્ત થાય તો બીજી જગ્યાએ જીવનની શરૂઆત થાય. શરીર મૃત્યુ પામે. શરીરનો જન્મ થાય કે જેના કારણે જીવન છે. શરીરમાં આત્માના પ્રવેશવાથી શરીર જન્મે છે અને ત્યારે જીવન બને છે. શરીર અને આત્મા આ બન્નેમાંથી એક ના હોય તો જીવન નથી. જન્મ અને મૃત્યુ એ સિક્કાની બે બાજુ છે. જન્મ અને મૃત્યુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. જેમ જન્મ એક શુભ ઉત્સવ છે તેમ મૃત્યુ પણ એક શુભ ઉત્સવ છે માટે તેનું સ્વાગત કરો. જન્મ વખતે ખુશાલી તો મૃત્યુ વખતે માતમ કેમ ? જો મૃત્યુ વખતે ખુશાલી હોત તો કોઈ મોક્ષ માંગત નહિ. મોક્ષ એટલે જન્મ મરણના ચક્રમાંથી છૂટી જવું પરંતુ કોઈ જ જન્મ મરણના ચક્રમાંથી છૂટી શકતું નથી. મનુષ્ય મોક્ષ એટલા માટે માંગે છે કે તેને મૃત્યુનો ભય છે. જન્મનો કોઈ જ ભય નથી. મનુષ્ય જીવનમાં મનુષ્યને જો કોઈ મોટામાં મોટો ભય હોય તો એ મૃત્યુનો ભય છે. શરૂઆતથી અહીં સુધી લખેલ બાબતથી મનુષ્ય જ્ઞાત છે, જાણે છે છતાં પણ તે મૃત્યુના ભયથી મુક્ત થઈ શકતો નથી. દેવી-દેવતાઓને મૃત્યુનો ભય નો'તો. તેઓ સ્વેચ્છાએ પોતાનું શરીર છોડી દેતાં હતાં. તેઓ પણ મનુષ્ય હતાં પરંતુ તેઓ આત્મ અભિમાની હતાં. આત્મ સ્વરૂપની સ્થિતિમાં સ્થિત થઈને જીવન જીવતા હતાં. તેથી તેઓને નશ્વર શરીર પ્રત્યે કોઈ જ લગાવ, આસક્તિ કે મોહ નો'તો. જ્યાં મોહ છે ત્યાં ભય છે. મોહ એ વિકાર છે. એક વિકાર આવે એટલે બીજા વિકારો આવે જ. વિકારએ પતનની જડ છે. જો મનુષ્ય પોતાને શરીર ના સમજતા પોતાને એક આત્મા સમજે કે 'શરીરમાં પ્રવેશનારો તેમજ શરીરમાંથી બહાર નિકળી જનારો હું સ્વયં એક આત્મા જ છું, હું વિનાશી શરીર નથી.' 'હું' અને 'આત્મા' અલગ નથી. 'હું' જ 'આત્મા' છું. હું જ આત્મા શરીર છોડું છું અને ધારણ કરું છું. આ રીતે જો મનુષ્ય આત્મા અભિમાની બને તો જ તે મૃત્યુના ભયમાંથી નિર્ભય બની શકે. આત્મ અભિમાન એ જ સત્ય અને શાશ્વત છે જ્યારે દેહ અભિમાન એ અસત્ય અને નાશવંત છે. દેહ અભિમાન જ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા પાંચ વિકારોની જડ છે. જેવી રીતે દેહ અભિમાન સ્થિતિમાં પાંચ વિકારો Emerge (જાગ્રૃત) થાય છે.જેથી પાંચ વિકારોની પ્રત્યક્ષતા થાય છે જ્યારે દેહી અભિમાની સ્થિતિમાં પાંચ વિકારો Merge (સુષુપ્ત) થઈ જાય છે જેથી પાંચ વિકારોની પ્રત્યક્ષતા થતી નથી તેવી રીતે ભૂખ લાગે ત્યારે આહાર લેવાથી ભૂખ Merge થઈ જાય છે, આહારનું પાચન થઈ ગયા પછી ફરી ભૂખ Emerge (જાગૃત) થાય છે અને ભૂખ લાગે છે, ભૂખ નષ્ટ પામતી નથી પરંતુ Merge (સુષુપ્ત) થઈ જાય છે. ભૂખ Emerge થવી કે ભૂખ Merge થવી

એ જે તે શારીરિક સ્થિતિ (વાતાવરણ) પર આધારિત છે. જો ભૂખ નષ્ટ જ પામે તો ભવિષ્યમાં ક્યારેય પણ ભૂખ લાગે જ નહિ. વિકારો Merge થવા કે Emerge થવા એ જે તે આત્મિક સ્થિતિ તેમજ વાતાવરણ પર આધારિત છે. સતયુગમાં દેવી-દેવતાઓ આત્મ અભિમાની સ્થિતિમાં સ્થિત રહેવાના કારણે તેમજ સતયુગી દૈવી વાતાવરણ હોવાના કારણે વિકારો Emerge થતા નો'તા. આ જ સતયુગી દેવી દેવતાઓ અને ત્રેતાયુગી ક્ષત્રિયો કે જેઓએ પુરુષોત્તમ સંગમયુગમાં પરમાત્મા પાસેથી જે શક્તિઓ પ્રાપ્ત કરેલી હતી તે શક્તિઓ સતયુગ અને ત્રેતાયુગ દરમિયાન વપરાઈ જવાના કારણે તેમજ દ્વાપરયુગના વાતાવરણના કારણે દ્વાપરયુગ આવતાં દેહ અભિમાની બન્યા. દેહ અભિમાની બનવાના કારણે પાંચ વિકારો જે Merge થયેલા હતાં. તે પાંચ વિકારો Emerge થયા. આ પાંચ વિકારો આત્મામાં જ Merge થયેલા હતાં. સતયુગી દેવાત્માઓ 16 કળાએ સંપૂર્ણ, સર્વ ગુણ સમ્પન્ન, સંપૂર્ણ નિર્વિકારી હતા. પરંતુ દ્વાપરયુગ આવતા પુરુષોત્તમ સંગમયુગમાં સર્વશક્તિમાન પરમાત્મા પાસેથી જે આત્મિક શક્તિઓ પ્રાપ્ત કરેલી હતી તે શક્તિઓ સતયુગ અને ત્રેતાયુગ દરમિયાન વપરાઈ જતા દેવાત્માઓ અને ક્ષત્રિયો દેહ અભિમાની થયા કે જેનાથી કળા, ગુણ તેમજ પવિત્રતાની Quality (ગુણવત્તા)માં 50% ઘટાડો થયો. 50% કળા, ગુણ, પવિત્રતા આત્મામાં Merge થઈ ગઈ. કળિયુગ આવતા તો આ કળા, ગુણ, પવિત્રતાની Quality (ગુણવત્તા) 00% થઈ ગઈ. 16 કળા સંપૂર્ણ, સર્વ ગુણ સમ્પન્નતા, સંપૂર્ણ નિર્વિકારીતા આત્મામાં Merge થઈ ગયા, નષ્ટ પામતા નથી. કારણ કે ફરી સતયુગ આવતા 16 કળા સંપૂર્ણતા, સર્વ ગુણ સમ્પન્નતા, સંપૂર્ણ નિર્વિકારીતા આત્મામાં ફરી Emerge થશે. (આ સિદ્ધાંત વિશ્વના અન્ય આત્માઓને લાગુ ન પડતા બાબાના બાળકોને જ લાગુ પડે છે.)

દા.ત. પાણી અને બરફ. પાણી એ પ્રવાહી સ્વરૂપ છે. જ્યારે બરફ એ પાણીનું ઘન સ્વરૂપ છે. તાપમાન કે વાતાવરણની Energyથી પાણીનો જ્યારે બરફ થાય ત્યારે પાણીની પ્રવાહી સ્વરૂપતા Merge થાય છે. પ્રવાહી સ્વરૂપતા નષ્ટ પામતી નથી. વળી તાપમાન કે વાતાવરણની Energyથી બરફનું જ્યારે પાણી થાય ત્યારે બરફની ઘન સ્વરૂપતા Merge થાય છે. ઘન સ્વરૂપતા નષ્ટ પામતી નથી. જેમ પરિવર્તન એ પદાર્થ તેમજ પ્રકૃતિનો નિયમ છે તેમ પરિવર્તન એ સંસારનો નિયમ છે. સ્થિતિ-પરિસ્થિતિ, વાતાવરણ, શક્તિઓ બદલાય એટલે પરિવર્તન આવે.

જાણતા કે વાંચતા આશ્ચર્ય થશે કે શરીર એ વિનાશી નથી પરંતુ જે શરીરની રચના પ્રકૃતિના પાંચ તત્ત્વોમાંથી થઈ તે શરીર તે જ પ્રકૃતિના પાંચ તત્ત્વોમાં Merge થઈ જાય છે એટલે કે વિલિન થઈ જાય છે, લુપ્ત થઈ જાય છે કારણ કે આ જ અને આવું જ શરીર ફરી 5000 વર્ષ પછી પ્રાપ્ત થવાનું જ છે. દાદા લેખરાજ નામનું શરીર 5000 વર્ષ પછી આ ધરા પર હૂબહૂ જન્મ લેશે જ. દાદા લેખરાજ નામનું શરીર 5000 વર્ષ માટે Merge થઈ ગયું જે ફરી Emerge થશે. પરિવર્તનશીલતા દરેકે દરેકને લાગુ પડે છે પછી તે પ્રકૃતિ હોય કે સમય હોય, સંસ્કાર હોય કે ગુણ હોય કે શક્તિ હોય, વસ્તુ હોય કે પદાર્થ હોય. પરિવર્તન એટલે સ્થિતિ કે અવસ્થામાં બદલાવ. એક સ્થિતિ Merge થાય તો જ આવનારી બીજી સ્થિતિ Emerge થાય. Emerge થવું એટલે જન્મ નહિ, Merge થવું એટલે મૃત્યુ નહિ બલ્કિ પરિવર્તન. આ રીતે Merge - Emerge એટલે પરિવર્તન. બાહ્ય બળ કે

(અનુસંધાન પેજ નં. 34 પર)

પ્રજ્ઞાવાન અને પ્રસન્નવદન એજ શિક્ષકની પ્રથમ ઓળખ

બ્ર.કુ. અનિલ, સુરત

શિક્ષક ક્યારેય સામાન્ય હોતો નથી. પછી ભલે તે કોઈપણ શાળાનો કેમ ન હોય. પ્રાથમિક શાળાનો શિક્ષક જ સમગ્ર ઈમારતનો પાયો બની શકવાની ક્ષમતા ધરાવે છે. આપણા ડો. રાધાકૃષ્ણના જીવનનો પ્રસંગ છે. રાધાકૃષ્ણનજી એક સમયે સરમુખત્યારશાહીવાળા રશિયામાં એમ્બેસેડર હતા ત્યારની ઘટના છે. રશિયાનો શાસક આપણા રાધાકૃષ્ણન સાથે મીટીંગ કરવાનું ટાળ્યા કરે. મુલાકાત માંગો તો પણ આપે નહિ. એવામાં એક વખત મોસ્કોમાં બંને ભેગા થઈ ગયા. રશિયાના સરમુખત્યાર રાધાકૃષ્ણનને મળ્યા. હાથ મેળવ્યા. બંનેએ થોડીવાર વાતો કરી, ત્યાંજ સરમુખત્યાર બોલ્યો. 'મને અહીંથી જલદી લઈ જાવ, આ વ્યક્તિને સ્પર્શ કરતાં જ મારા વિચારોમાં ફેરફાર થવા માંડે છે. આ માણસ મારી સાથે વધારે સમય રહેશે તો મારા સમગ્ર વિચારોમાં પરિવર્તન આવી જશે.' આ છે શિક્ષકમાં રહેલી શક્તિની ઓળખ. અને આ શક્તિ આપણા સૌમાં પડેલી છે, જરૂર છે એને જાગૃત કરવાની.

શિક્ષક પ્રજ્ઞાવાન હોવો જોઈએ. અર્થાત્ બુદ્ધિમાન હોવો જોઈએ. બુદ્ધિ ક્યાંથી મળે ? પુસ્તકો વાંચવાથી મળે ? પ્રવચનો સાંભળવાથી મળે ? શાસ્ત્રોના વાંચનથી મળે ? બુદ્ધિ આપનારું તત્ત્વ શું છે ? શ્રીકૃષ્ણએ અર્જુનને ઉપદેશ આપતાં કહ્યું છે કે હે, અર્જુન મને ભજે એને હું વખાણતો નથી. મને જે ભજે એને સુખ-વિદ્યા નથી આપતો. પણ મને જે ભજશે એને હું એક જ વસ્તુ આપું છું, જે મારી સાથે જોડાયેલો હશે અને નિરંતર મને ભજતો હશે, એને હું બીજી કોઈ સુવિધા નથી આપતો. હે, અર્જુન એને હું કેવળ બુદ્ધયોગ આપું છું. આ બુદ્ધિયોગનો દીવો પ્રગટેલો હોવો જોઈએ. સદાચારની જ્યોત પ્રજ્વલિત રહેવી જોઈએ. શિક્ષક એ કોઈ દિવસ નિવૃત ન થઈ શકે. એનાથી નિવૃત્ત થવાય ? સરકારી નિયમ પ્રમાણે ભલે નિવૃત્ત થતો હોય એ એક વાત જુદી છે. પરંતુ પ્રજ્ઞાવાન શિક્ષક કોઈ દિવસ નિવૃત્ત ન થઈ શકે. એની બુદ્ધિ નિરંતર વહ્યા જ કરતી હોય છે.

જે શિક્ષકની પ્રજ્ઞા અર્થાત્ બુદ્ધિ નિરંતર રહેતી હોય એ શિક્ષક સદા પ્રસન્નચિત્ત અવશ્ય રહેતો હોય છે. એવો શિક્ષક પોતાનું શિક્ષણકાર્ય પ્રસન્નતાપૂર્વક કરતો રહેશે. જે દિવસે શિક્ષક હસી પણ ન શકે એ દિવસે એણે રજા લઈ લેવી જોઈએ, પણ એકસાથે અનેક બાળકોની જિંદગીના એક મૂલ્યવાન દિવસને વેડફી નાંખવાનો એને કોઈ અધિકાર નથી. શિક્ષક તો કાયમ હસતો જ હોવો જોઈએ. જે કાર્ય તે કરે છે તે કાર્યમાં તેને પ્રસન્નતા - પ્રાણ પૂરવાના છે. પછી તો ઈશ્વરની કૃપાનું વાદળ વરસશે અને વસુંધરા પોતાની જવાબદારી સમજી ચૈતન્યના છોડને પ્રગટ કરશે. માટે શિક્ષક હંમેશા હસતો હોવો જોઈએ.

ઉપનિષદમાં લખ્યું છે કે, સાચો શિક્ષક એ જ છે જેની આંખોમાં, જેની વાણીમાં અને જેના ચહેરા પર પ્રસન્નતાનો નિત્ય છંટકાવ થયેલો હોય. શિક્ષકનું મસ્તક ક્યારેય ઝૂકી ન જવું જોઈએ. ક્યારેક કોઈ પરિસ્થિતિવશ જો ઝૂકાયું હોય તો પણ તે મસ્તક અણનમ રહેવું જોઈએ. ટાગોરે ગીતાંજલિમાં લખ્યું છે કે અમારું મસ્તક ગૌરવથી ઊંચું રહે અને આપણું જ્ઞાન ભયથી મુક્ત હોવું જોઈએ. શિક્ષક જ્યારે શિક્ષણ કાર્ય કરે તે વખતે નિર્ભય હોવો જોઈએ. નિર્ભયતાપૂર્વક અપાતું

શિક્ષણ વિદ્યાર્થીને પ્રસન્ન રાખી શકે અને આ જ પ્રસન્નતા સાચા શિક્ષણ અને સાચા શિક્ષકનું પૂણ્ય છે. સાચા શિક્ષકની ઓળખ છે.

વિદ્યાર્થી જ્યારે શિક્ષક પાસે શિક્ષિત થાય છે ત્યારે યોગયજ્ઞ દ્વારા શિક્ષિતની સાથે દીક્ષિત પણ થાય છે. વિદ્યાર્થીની સાથે એનો સંયોગ બની જાય તો યોગ થાય અને ઉપનિષદનો ઋષિ જ્યારે રજા આપતો ત્યારે વિદ્યાર્થીને કહેતો કે કાલાંતરમાં કદાચ હું ન હોઉં, ત્યારે મારા કરતાં કોઈ તેજસ્વી તને મળે તો એનું માર્ગદર્શન પ્રાપ્ત કરજે. આ દીક્ષાંત સમારંભો, જે ઉપનિષદકાળમાં હતાં, તે ફરી લાવવાની જરૂર છે. એના મૂળને પકડીને નવા-નવા ફૂલો ખીલવવાની જરૂર છે.

એક સંતે સાચે જ શિક્ષક માટે કહ્યું છે કે, 'જ્યાં સુધી દેશનો શિક્ષક કર્તવ્યનિષ્ઠ ન હોય ત્યાં સુધી ભાર વગરનું ભણતર શક્ય નથી. શિક્ષકે બ્રહ્મ બનીને નીતિવાન, જ્ઞાનવાન, ચારિત્ર્યવાન અને મૂલ્યવાન સૃષ્ટિનું સર્જન કરવાનું છે. બાળક જે દિવસે શાળાએ જવા માટે રડે ત્યારે સમજવું કે શિક્ષકે માતાનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે. જે રીતે માતા પોતાના બાળકનું ગર્ભમાં જતન કરે છે, તે રીતે શિક્ષકે બાળકનું વર્ગમાં જતન કરવાનું છે. શિક્ષક માત્ર પાઠ્ય પુસ્તકમાં જ ઘૂસી રહે તે ન ચાલે, એણે પુસ્તક જ નહિ. મસ્તક પણ ભણાવવું જોઈએ.'

સાચા અર્થમાં પરિણામલક્ષી ભણતરમાંથી વિદ્યાર્થીને સાથે સાથે પ્રામાણિકતા, પ્રકાશ, પ્રેરણા અને પ્રગતિનાં પાઠો પણ શિક્ષક ભણાવે ત્યારે શિક્ષક પ્રજ્ઞાવાન, પ્રસન્નવદન શિક્ષકની પ્રથમ ઓળખ બને છે.

મિત્રો, આપણા દેશમાં વિદ્યાર્થીઓને એવા આદર્શ શિક્ષકો મળતા રહે, વિદ્યાર્થીઓ પણ શિક્ષિતની સાથે દીક્ષિત બનતા રહે એવી શુભ ભાવના અને શુભ કામના સાથે...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 09નું અનુસંધાન)....... દિવાળી

લગન, ઉત્સાહ અને ઉમંગથી અસંખ્ય બુઝાયેલા દીપકોને પ્રજ્વલિત કરવાનો પ્રારંભ કરીએ તો જલદી આપણું સદીઓનું સ્વપ્ન સાકાર થશે. અંધકારનું ક્યાંય નામોનિશાન રહેશે નહીં. વિશ્વમાં સંપૂર્ણ સુખ અને સમૃદ્ધિ છવાઈ જશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 06નું અનુસંધાન)... સ્વદર્શન ચક્ર

તો સર્વની મનોકામનાઓ પૂરી કરવાની છે. પરંતુ સર્વની મનોકામનાઓ પૂર્ણ કરવામાં બુદ્ધિ બેહદની જોઈએ. જેવા બાપ તેવાં બાળકો આ પણ ખુશીની વાત છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 28નું અનુસંધાન)... પાંચ સ્વરૂપની ડ્રીલ

અભિનંદન કાર્યક્રમ રાખેલ છે. તમારે મંચ સંચાલન કરવાનું છે. (મધુવન નિવાસી, દાદીઓ, સેવાકેન્દ્ર ઈન્ચાર્જ બહેનો તથા આપ સૌ રાજયોગી સમારોહમાં હાજર હતાં.)

હું - આજના સમારોહમાં બ્રહ્માબાબા પોતાના મુખે પોતાની જીવન કહાની સંભળાવશે. (બ્રહ્માબાબા પોતે સંપૂર્ણ બ્રહ્મા કેવી રીતે બન્યા, કેવો પુરુષાર્થ કર્યો તે પોતાના મુખ દ્વારા સંભળાવે છે.) હું બાબા, અમે યોગ અગ્નિથી વિકર્મ વિનાશ કરી જલદી સંપૂર્ણ સતોપ્રધાન બની જઈશું. હવે હું રૂહાની પયગમ્બર બની ધરતી કર્મક્ષેત્ર પર જઈ મન-વચન-કર્મથી બધાને ઈશ્વરીય ગુણ-શક્તિઓનું દાન કરીશ. (ત્યારબાદ બાબાની રજા લઈ હું સૂક્ષ્મવતનથી ધરતી પર આવી જઉં છું.)

॥ ઓમશાંતિ ॥

તહેવારોનો રાજા દીપાવલી

બ્ર.કુ. નીતાબેન, પાટણ

ભારત દેશમાં વૈવિધ્યસભર ઉત્સવો ઉજવીને આપણી સંસ્કૃતિના આદર્શોને ઉજાગર કરીએ છીએ. જીવનમાં ઉમંગ ઉત્સાહ વધારવા માટે તહેવારો પણ ખૂબ ભાગ ભજવે છે. સાથે સાથે આસ્થા અને આધ્યાત્મિકતાની ઉર્જા પેદા કરે છે. દિવાળીનો તહેવાર તો સમૃદ્ધિ અને સંપન્નતાનું પર્વ છે. દિવાળીનું પર્વ કેવળ ભારતમાં જ નહીં પરંતુ વિદેશના લોકો પણ પોતાની રીતે ઉજવે છે. પરંતુ તેનો સંબંધ તો ભારતીય સંસ્કૃતિ સાથે જ જોડાયેલો છે. દિવાળીના પર્વને સિંગાપુરમાં દીપમવલ્લી, થાઈલેન્ડમાં ક્રિયમ, મલેશિયામાં હરી દીપાવલી. આમ, જુદા જુદા દેશોમાં પોત પોતાની રીતે રીત રિવાજો કરી દીવાળી ઉજવવામાં આવે છે. લક્ષ્મી પૂજા કરી સુખ સમૃદ્ધિની કામના રખાય છે. **દિવાળીને અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે.** લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન, મીઠાઈ, નવાં વસ્ત્રો પરિધાન કરવામાં આવે અને મંગલ મિલન મનાવવામાં આવે છે. નવા વર્ષ માટે સહુને અભિનંદન પાઠવીને મંગલ કામના કરવામાં આવે છે. પહેલાં ઘરોમાં સફાઈ કરવામાં આવે છે. દિવાળીને દીપોત્સવ કહેવામાં આવે છે.

આપણે દર વર્ષે ધન તેરસના દિવસે ધન પૂજા કરીને લક્ષ્મીજીનું આહ્વાન કરીએ છીએ છતાં દરિદ્રતા શા માટે ? શું લક્ષ્મીજી ઝગમગતા દીપ હશે તો જ આવશે ? અને હા તો કયા દીપક ? કળીયુગ માટે તો એવું કહેવામાં આવે છે કે આવી પતિત દુનિયામાં તો દેવતાઓનો પડછાયો પણ ન પડી શકે તો ખુદ લક્ષ્મીજી કેવી રીતે આવશે ? વાસ્તવમાં આત્માની જ્યોતિ જગાડવાની છે. આપણે માટીના દીપ જગાવ્યા. ઘર, દુકાન કે ઓફિસની તો સફાઈ કરી પરંતુ મન મંદિરના ખૂણે ખૂણેથી કચરો કાઢી નાંખજો. ‘આપણે ઘરની સફાઈ કરી પરંતુ મનનો કચરો તો ગયો જ નથી. તો લક્ષ્મીજી કેવી રીતે આવશે ?’

કાળી ચૌદશનો દિવસ ઘોર અજ્ઞાન અંધકારનો હોય છે. માનવ મતમતાન્તરમાં ભ્રમિત છે. એવા સમયે દીપ રાજ આવીને સાચો માર્ગ દર્શાવે છે. આ દિવસે સર્વ સાધકો સાધના કરીને મંત્ર, તંત્ર દ્વારા સિદ્ધિ હાંસલ કરે છે. કોઈ કોઈ તો સ્મશાનમાં જઈને પણ સાધના કરે છે. એવું કહેવામાં આવે છે કે ચિરાતીત કાળમાં એક એવો સમય હતો જ્યારે નરકાસુરે આખી સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવી લીધું હતું. ભગવાને નરકાસુરનો નાશ કરીને સર્વને અસુરના ભયથી મુક્ત કર્યા. આમ કાળી ચૌદશને નરક ચતુર્દશી પણ કહેવામાં આવે છે.

બીજી એક કથામાં એવું વર્ણન છે કે દૈત્ય રાજા બલિએ ભૂમંડલ પર પોતાનું એકચક્રી શાસન જમાવી લીધું હતું. ધરતી પર આસુરીયતા ફેલાઈ હતી. ધર્મ, નિષ્ઠા નાશ પામી હતી. બલિરાજાએ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણને પણ બંદી બનાવી દીધા હતા. એવા સમયે ભગવાને રાજા બલિની આસુરી શક્તિ પર વિજય પ્રાપ્ત કરાવીને દેવી દેવતાઓને અસુરના ભયથી મુક્ત કર્યા.

આ બન્ને આખ્યાનો પરથી એવો બોધ મળે છે કે કોઈ એક અસુર નહીં પરંતુ નરકાસુર મનોવિકારોનો પર્યાય છે અને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારને ગીતામાં નરકનું દ્વાર જ કહેવામાં આવ્યા છે. ગીતામાં માયાને જ દુસ્તર,

બલિ કહી છે. વિકારો રૂપી આસુરોનું આધિપત્ય હોવાથી સૃષ્ટિ નર્ક સમાન બની ગઈ છે. ત્યારે કળીયુગના અંતમાં પરમપિતા પરમાત્મા આવી ઈશ્વરીય જ્ઞાન આપીને સર્વ દેવી દેવતાઓને મુક્ત કરે છે. લક્ષ્મી નારાયણના સ્વતંત્રતાપૂર્વક રાજ્ય શરૂ થવાના એક દિવસ આગળ દિવાળીના રૂપમાં ઉજવવામાં આવે છે. જેને દિવાળી કહેવામાં આવે છે. જેની ખુશીમાં નવા વર્ષમાં આપણે નવાં નવાં કપડાં પહેરીએ છીએ. મીઠાઈ પણ ખાઈએ અને એક બીજાને ખવડાવીએ છીએ. જૂના ચોપડા તો બંધ કર્યાં પરંતુ જીવનના ચોપડામાં તો એક વર્ષના નહીં અનેક વર્ષોના વાયદાઓ ભરીને નકારાત્મક વાતોનું ચિંતન ચલાવતા જ રહ્યા. વર્ષના ચોપડાની સાથે જીવનમાં કરેલા સારા ખોટાં કર્મોના હિસાબને પણ પૂરો કરીએ. નવા વર્ષમાં અનેક લોકો સાથે થયેલા વેરઝેરની ભાવના હોય તો ભૂલી જઈએ અને મંગલ મિલન મનાવી લઈએ તો જીવન જીવવાની મજા આવશે.

નવા વર્ષમાં એક બીજાને હેપ્પી ન્યુ ઈયર કરીને ગ્રીટીંગ્સ તો આપીએ છીએ. સાથે સાથે શુભ ભાવના પણ આપીએ. મંગલ કામનાઓની સાથે મંગલ ભાવના પણ ઉજાગર કરીએ તો આપણું જીવન મંગલમય બની જશે. મીઠાઈ તો ખાઈએ અને ખવડાવીએ છીએ સાથે સાથે મીઠા બોલની મીઠાઈ ખવડાવીએ તો જીવન મીઠું મધુર બની જશે. પરમપિતા પરમાત્મા દીપ રાજ છે. જે કળીયુગના અંત અજ્ઞાન અંધકારના સમયે, ધર્મની અતિ ગ્લાનિના સમયે ધરા પર આવીને સર્વ આત્માઓની જ્યોતિ ફરીથી જગાડે છે જેનું યાદગાર પર્વ દિવાળી છે.

॥ ઓમશાંતિ ॥

અમૃતપર્વે

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ.

શિખરિણી

મળ્યા બાબા એવા, જીવનપથને તેજ ધરતા,
વિકારો માયાથી, પુનિત કરતો રાહ મળતો.
ગુણોના ભંડારો, સભર કરતો બાપ જગમાં,
મળેના સૌને એ, કમલસમ એ બોધ સઘળે.
પિતા એવા પામ્યા, સરલ વદતા હામ ભરતા,
જલાવી પાપોને, વહન કરતા બોજ ઉતરે.
જલાવ્યા કાંટાઓ, સુરભિવનનો રાહ મળતો,
પધારે બ્રહ્માના, તન અવતરે દેવ પથની,
દિશા આપી એવી, સુરજગતની યાદ મળતી.
ખુશી પામ્યાં એવી, અવરજગમાં માત્ર કથની.
વહ્યાં પંચોતેરે, જીવનપથને યાદ કરતાં,
ઉમંગે ઉત્સાહે, કમલભગિની મેમનગરે,
મનાવ્યો ઉલ્લાસે જનમદિનએ યાદ કરતો.
પ્રભો ! તારી કેવી પુનિતપથની ભાવ ભરતી.

॥ ઓમશાંતિ ॥

- **દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ, બુદ્ધિને વિશાળ અને મુખને મધુર બનાવનાર જ મહાન છે.**
- **સુખશાંતિ સાંસારિક સાધનોમાં નહીં પોતાના સત્ય સ્વરૂપને ઓળખવામાં છે.**
- **મનનો અંધકાર દૂર કરો, તો જગત એની મેળે પ્રકાશિત થઈ જશે.**

દિવ્યદર્શન

સુખ, સંપત્તિ, સમૃદ્ધિનું પર્વ એટલે દિવાળી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ઝગમગ હો ઝગમગ હો સતયુગ કા દેશ, કલિયુગ કા અંધેરા મીટ જાયેગા....

ભારત વર્ષમાં ઉજવવામાં આવતાં બધા તહેવારોનું કંઈને કંઈ આધ્યાત્મિક રહસ્ય રહેલ છે. ભારતીય સંસ્કૃતિની વિરાસતમાં તહેવારો સમયચક્રની સાથે ભૂતકાળમાં દેવતાઓ, દિવ્ય પુરુષો દ્વારા થયેલ અલૌકિક કાર્યોની યાદગાર છે. પરંતુ આ ઉત્સવોમાં કોઈ એવા પણ ઉત્સવ હોય છે, કે જે મનુષ્યના તન અને મનને પ્રફુલ્લિત કરવાની સાથે-સાથે તે ઉત્સવ પ્રત્યેની આસ્થા અને આધ્યાત્મિકતા માટે ઉર્જા પણ પેદા કરે છે. આવી જ રીતે મનુષ્યને ખુશી આસ્થા અને ભાવનાઓથી પરિપૂર્ણ કરવાવાળું પર્વ એટલે - દિવાળી.

આ ઉત્સવ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ મનાવવામાં આવે છે. વિદેશી લોકો પોત-પોતાની રીત-રસમ-રિવાજ પ્રમાણે તે મનાવે છે. જેનો સંબંધ કોઈને કોઈ રૂપે ભારતભૂમિ સાથે જોડાયેલો જોવા મળે છે. દિવાળીના પર્વને સિંગાપુરમાં 'દીપમ વલ્લી', થાઈલેન્ડમાં 'ક્રિયમ' મલેશીયામાં 'હરી દીપાવલી' તથા દક્ષિણ આફ્રિકામાં પણ ગુજરાતની પરંપરાથી ભરપૂર અને ભારતની જેમ જ દિવાળી મનાવાય છે. તેવી જ રીતે ઓસ્ટ્રેલિયા, કેન્યા, શ્રીલંકા, જાપાન, અમેરિકા અને ઇંગ્લેન્ડમાં પણ દિવાળીને પોત-પોતાની રીત-રસમ-રિવાજ પ્રમાણે ધામ-ધૂમથી મનાવવામાં આવે છે. પ્રત્યેક દેશોના લોકો ભલે પોતાના રીત-રિવાજોથી મનાવે છે. પરંતુ બધાનો અર્થ અને ઉદ્દેશ્ય લગભગ એક જ છે. લક્ષ્મીની પૂજા કરી, ઘરમાં સુખ અને સમૃદ્ધિની કામના કરવી.

દિવાળીની પહેલા અને પછી અન્ય બીજા પર્વો પર નજર કરીએ તો એ બધા જ પર્વોનો સંબંધ દિવાળી સાથે જોડાયેલ છે. દિવાળીની પહેલા નવરાત્રી અને દશેરા મનાવવામાં આવે છે. જેનો અર્થ એ છે કે, મર્યાદા પુરુષોત્તમ શ્રી રામે નવ દિવસ આદ્ય શક્તિ માં દુર્ગાની સાધના કરી, શક્તિ સંપન્ન બની મહાબલી દશાનન (રાવણ)નો વધ કર્યો અર્થાત્ બુરાઈઓ, અવગુણો, કમી-કમજોરીઓ પર સદ્ગુણોનો વિજય કર્યો. ત્યારબાદ દિવાળીમાં અસંખ્ય દિવડાઓ પ્રગટાવી તે વિજયના નાદની ખુશીઓ મનાવવામાં આવે છે. અને ધનની દેવી શ્રી લક્ષ્મીનું આવાહ્નન કરીએ છીએ. ખરેખર તો દિવાળીનું પર્વ જો આધ્યાત્મિક મહત્ત્વ સાથે ઉજવવામાં આવે તો, આજનો માનવ કદાપિ દુઃખી થઈ ન શકે. પરંતુ બદલાતા જતા સમયના ચક્રની સાથે અને વર્તમાન જીવન પદ્ધતિના કારણે હવે દિવાળી મનાવવાનું સ્વરૂપ પણ બદલાતું નજર આવે છે. ઘણીવાર તો દિવાળીનો તહેવાર ખુશી-આનંદના સ્થાને દુઃખ અને માતમમાં પલટાઈ જાય છે. ફટાકડાની જગ્યાએ આતંકવાદથી નિર્દોષ લોકો તેના ભોગ બને છે. તેનું મુખ્ય કારણ એજ છે કે, જે માન્યતાઓ અને સિદ્ધાંતોની સાથે ઉત્સવ ઉજવાતો જોઈએ તે પ્રમાણે આજે ઉજવાતો નથી. લાખો લોકો દિવડાઓ તો પ્રગટાવે છે, પરંતુ તેમના મનનાં પ્રગટાવેલો દીપક ફક્ત થોડા સમય માટે રોશની અને ખુશી આપી શકે છે. પરંતુ જીવનની

અંદરના અંધકારને દૂર કરી શકતો નથી અને તેટલા માટે જ નવ શક્તિ દુર્ગાનું પૂજન કરે છે. રાવણના મોટા-મોટા પૂતળાઓમાં બુરાઈઓના પ્રતીક સમાન રાવણને લાખો લોકો બાળે છે અને પછી અસંખ્ય દીપ-પ્રગટાવીને લક્ષ્મી દેવીનું આહ્‌વાન કરવા છતાં પણ ન મનુષ્ય શક્તિ સંપન્ન બને છે, કે ન રાવણનો અંત થાય છે અને લક્ષ્મીનો વાસ પણ ક્યાંય જોવા મળતો નથી.

ભૌતિક ધન, સંપત્તિ અને રૂપિયા-પૈસાથી ભરપૂર થવું એટલે લક્ષ્મીનો વાસ છે એવું નહીં. લક્ષ્મી એક પવિત્ર, દિવ્ય, વિવેકશીલ દેવીનું નામ છે. જ્યાં તેની સ્થાપના કરવામાં આવે છે, ત્યાં પવિત્રતા, શુદ્ધતા, સ્નેહમય અને દિવ્યતાનું વાતાવરણ બની જાય છે તથા લોકો મૂલ્યોથી ભરપૂર થાય છે. તેમની પાસે સ્થૂળ ધન ન હોવા છતાં પણ, સૌથી સુખી અને મૂલ્યોથી ધનવાન હોય છે. દિવાળીની પરંપરાને ધ્યાનથી જોતા વિચારતા આપણે તેના મહત્ત્વને જિવનમાં ઉતારી શકીએ છીએ.

કેવી રીતે મનાવીએ દિવાળીનું પર્વ

દિવાળીની માન્યતા એ છે કે આ પવિત્ર તહેવાર ઉપર લોકો પોત-પોતાના ઘરનાં ખૂણે-ખાંચરેથી સાફ-સફાઈ કરે છે. વેપારીઓ પોતાના જૂના ચોપડા, હિસાબો, ખાતાને પૂરા કરી નવા ચોપડાનો શુભારંભ કરે છે. રાત્રે જાગરણ કરી શ્રી લક્ષ્મીની પૂજા કરી આહ્‌વાન કરે છે. આનો આધ્યાત્મિક અર્થ એ છે કે આપણું શરીર પણ જ્યોતિ બિંદુ આત્માનું એક ઘર જ છે. ફક્ત તેની બહારથી સફાઈની સાથે-સાથે આંતરિક સફાઈ ઉપર પણ આપણે ધ્યાન આપવું જોઈએ. જ્યાં સુધી હિસાબ-કિતાબની વાત છે તો, આપણે સ્થૂળ ખાતાની સાથે-સાથે આપણાં કર્મોનાં સૂક્ષ્મ ખાતાને પણ ચુક્તુ કરવાં જ જોઈએ. પરંતુ આપણે રોજ-બરોજના જિવનમાં સારા અને ખરાબ કર્મોનું મનન-ચિંતન કરી, ખરાબ કર્મોના ખાતાને પૂર્ણ કરવા માટે ઈશ્વરની આરાધના જરૂર કરવી જોઈએ અને દૃઢતા સાથે સંકલ્પ પણ લેવો જોઈએ. આપણાં જૂનાં સ્વભાવ-સંસ્કાર જે સ્વયંને તેમજ અન્ય આત્માઓને દુઃખ આપે છે તેને ખતમ કરી, તેના સ્થાને નવા ઉંચા વિચારો, નવા સંકલ્પો અવશ્ય લેવા જોઈએ. સર્વ સુખદાયી ગુણોને ધારણ કરવાના ઉંચા ઈરાદા સાથે નવા જીવનની શુભ શરૂઆત કરવી જોઈએ. સર્વ સુખદાયી ગુણોને ધારણ કરવાના ઉંચા ઈરાદા સાથે નવા જીવનની શુભ શરૂઆત કરવી જોઈએ. જેના દ્વારા મનુષ્યની આત્મ જ્યોતિ સદાય જાગતી જ રહે અને અજ્ઞાન રૂપી અંધકાર કાયમ માટે દૂર થઈ પ્રકાશ જ પ્રકાશ ચારે બાજુ ફેલાઈ જાય.

દિવાળીના તહેવારો ઉપર ભારતીય પરંપરાઓમાં ઘર, ઓફિસ, દુકાનો, શોરૂમો, કારખાનાઓ, મોટા-મોટા મોલ તથા પોતાના કાર્યસ્થળોની પણ સંપૂર્ણ રીતે સફાઈ કરાવે છે. ઘર-ઓફિસોને સુવ્યવસ્થિત રીતે સુંદરતા વધારવા માટે સુશોભન પણ કરવામાં આવે છે. સંધ્યાના સમયે સંપૂર્ણ અર્ચન-પૂજન સાથે ધનની દેવી શ્રી મહાલક્ષ્મીની પૂજા આરંભ કરી ઘરના દરેક ખૂણે-ખૂણે દીપક પ્રગટાવવામાં આવે છે. આ તહેવારો દરમિયાન ભોજનના સંદર્ભમાં પણ આસુરી ભોજન ન બનાવવું કે ન સ્વીકારવું જોઈએ એવું પણ લોકો માને છે. લોકો સ્પષ્ટપણે એવું પણ માને છે કે, આ સારા શકુનના દિવસોમાં નશો, ધૂમ્રપાન, માંસ-મંદિરાનું સેવન ન કરવું જોઈએ. સવારે વહેલા ઉઠી નાહી-ધોઈ તૈયાર થઈ, સાચા મનથી ઈશ્વરની આરાધના કરવાથી, કે જેમાં ઘર પરિવારના સર્વ સભ્યો તેમાં ભાગીદાર બને, સાથે-સાથે બાળકોને પણ તેમાં ઉત્સાહિત કરી,

(અનુસંધાન પેજ નં. 34 પર)

પાંચ સ્વરૂપની અલૌકિક રૂહાની ડ્રીલ

બ્ર.કુ. પ્રો. હેમંત પરીખ, મણિનગર, અમદાવાદ.

આત્મા રાજાની મન-બુદ્ધિ સાથે મીટીંગ

આત્મા રાજા - હે મન, હવે આપણે સૂક્ષ્મ વતન, પરમધામ, સતયુગની સફર કરીશું. હે બુદ્ધિ, મન જે સંકલ્પ કરે તેનું દૃશ્ય બનાવી તારે તેની અનુભૂતિ કરાવવાની છે.

મન - હે આત્મા રાજા, સૂક્ષ્મ વતનમાં બાબાની એપોઈન્ટમેન્ટ લીધી છે ?

આત્મા રાજા - (સૂક્ષ્મ વતનમાં બાબાને ફોન લગાવે છે.) મીઠે બાબા, હું સંગમયુગી ફરિશ્તા સૂક્ષ્મ વતનમાં આપની મુલાકાત કરવા પહોંચી રહ્યો છું. ત્યાર બાદ પરમધામ તથા સતયુગી દુનિયામાં ચક્કર લગાવીશ.

બાબા - સૂક્ષ્મ વતનમાં તારું સ્વાગત છે. સતયુગની મુલાકાત લેવા માટે લક્ષ્મી-નારાયણની એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે. તેમનો સંપર્ક નં. 111 છે. ત્યાં પ્રવેશ માટે વીઝીટીંગ વીઝા હું તને આપીશ.

આત્મા રાજા - (સતયુગમાં લક્ષ્મી-નારાયણને ફોન લગાવે છે.)

હેલો ! લક્ષ્મી-નારાયણજી હું સંગમયુગી બ્રાહ્મણ સતયુગની મુલાકાત લેવા માંગું છું.

લક્ષ્મી નારાયણ - સતયુગના વીઝા તારી પાસે છે?

આત્મા રાજા - સૂક્ષ્મ વતનથી બ્રહ્માબાબા વીઝીટીંગ વીઝા આપશે.

લક્ષ્મી નારાયણ - હા, તો તો તું સતયુગમાં આવી શકે છે. પરંતુ પાવન આત્મા જ સતયુગમાં આવી શકે છે.

આત્મા રાજા - જી, હું પરમધામ જઈશ ત્યારે જ્ઞાનસૂર્યનાં કિરણો દ્વારા 63 જન્મોના વિકર્મ વિનાશ કરી પાવન બન્યા બાદ સતયુગમાં આવીશ.

લક્ષ્મી નારાયણ - ખૂબ સુંદર. સતયુગના પ્રવેશ માટે આજનો કોડવર્ડ છે. 'રાધા કૃષ્ણ'. આ કોડવર્ડ કહ્યા બાદ જ તને સતયુગમાં પ્રવેશ મળશે.

આત્મા રાજા - જી સમજી ગયો.

સ્વ. સ્થિતિમાં સ્થિત થવું

આત્મા રાજા - હે મન, તારે આત્મિક સ્વરૂપના સંકલ્પ કરવાના છે. હે બુદ્ધિ, તારે તે અનુસાર ચિત્ર બનાવી અનુભૂતિ કરાવવાની છે. (આત્મિક સ્વરૂપના સંકલ્પ - હું જ્યોતિબિંદુ આત્મા છું, આ શરીરમાં મસ્તકમાં ભ્રૃકુટીના મધ્યમાં સ્થિત છું, મારું ઘર પરમધામ છે...)

ફરિસ્તા બની સૂક્ષ્મવતનમાં બાબા સાથે મુલાકાત

આત્મા રાજા - હે મન, તારે સંકલ્પ કરવાના છે કે - હું જ્યોતિ બિંદુ આત્મા, મારા સૂક્ષ્મ શરીરમાં સ્થિત થઈ, ફરિસ્તા રૂપમાં સ્થૂળ શરીરની બહાર નીકળી, ધરતીથી ઉપર ઉડતો ઉડતો જઈ રહ્યો છું. સૂર્ય-ચંદ્ર-તારાગણને પસાર કરી સૂક્ષ્મવતનમાં બાબા (સંપૂર્ણ બ્રહ્મા)ની પાસે પહોંચું છું. બાબાના મસ્તકમાં શિવબાબા છે. બાબા મારું સ્વાગત કરે છે. સુબીરસ પીવા આપે છે.

આત્મા રાજા - બાબા, મારા મસ્તક ઉપર હાથ રાખીને મને વરદાનોથી ભરપૂર કરી દો. (બાબા મને વરદાન આપે છે. બચ્ચે સૌભાગ્યશાળી ભવ, સફળતામૂર્ત ભવ....)

બાબા - મીઠે બચ્ચે, બાજુના કમરામાં એડવાન્સ પાર્ટીના આત્માઓની દૃષ્ટિ લો. (કમરામાં સ્ટેજ પર હાજર પ્રકાશમણિ દાદી, મનમોહિની દીદી, જગદીશભાઈ, મનોહરઈન્દ્રા દાદી, રમેશભાઈ, મોહિનીબેન વગેરેની દૃષ્ટિ હું લઉં છું. રૂહાની શક્તિનો અનુભવ કરું છું. છૂપાયેલ બ્રાહ્મણકુળના વારસ આત્માઓને સેવાકેન્દ્ર પર આવી સાત દિવસનો કોર્ષ કરવા માટે આહ્વાન કરું છું.)

આત્મા રાજા - બાબા, હવે હું આત્મા પરમધામ ઘરમાં જઈશ.

શિવબાબા - મીઠે બચ્ચે, હું પણ તારી સાથે પરમધામ આવું છું. (હું આત્મા અને પરમાત્મા શિવબાબા બંને પરમધામ પહોંચીએ છીએ.)

પરમધામ ઘરમાં બિંદુ રૂપ સ્થિતિનો અનુભવ

પરમધામ લાલ પ્રકાશની દુનિયામાં જ્યોતિ બિંદુ શિવબાબા અને હું જ્યોતિબિંદુ આત્મા સામસામે સ્થિત છીએ. શિવબાબા શાંતિના સાગર છે. જેની લહેરોમાં લહેરાતાં હું આત્મા પરમશાંતિનો અનુભવ કરું છું. તે રીતે પ્રેમ, સુખ, આનંદ, પવિત્રતાનો અનુભવ કરું છું. ત્યારબાદ જ્ઞાન સૂર્યની નીચે સ્થિત થઈ જ્ઞાન સૂર્યનાં કિરણો દ્વારા મારા 63 જન્મોના વિકર્મ વિનાશ કરી હું આત્મા સંપૂર્ણ પાવન બનું છું. સતયુગી દુનિયામાં અવતરણ કરું છું. સતયુગી દેવતા સ્વરૂપ ધારણ કરું છું.

સતયુગી દુનિયાની મુલાકાત

દેવદૂત - આજનો કોડવર્ડ કયો છે ?

આત્મા રાજા - જી લક્ષ્મી નારાયણજીની એપોઈન્ટમેન્ટ લીધી છે. આજનો કોડવર્ડ છે. 'રાધા કૃષ્ણ', સૂક્ષ્મવતનથી બાબાએ સતયુગનો વીઝીટીંગ વીઝા આપેલ છે.

દેવદૂત- આપનું સતયુગી દુનિયામાં સ્વાગત છે. આ પુષ્પક વિમાનમાં બેસી જાવ, આપણે શ્રીકૃષ્ણને મળવા જવાનું છે. (અમે બંને પુષ્પક વિમાનમાં બેસીને શ્રીકૃષ્ણના મહેલની બહાર પહોંચીએ છીએ. શ્રીકૃષ્ણને સંદેશ આપવામાં આવે છે. શ્રીકૃષ્ણ દોડતા-દોડતા મહેલની બહાર આવે છે, મને ભેટી પડે છે.)

શ્રીકૃષ્ણ - મારો ખાસ મિત્ર આવ્યો છે. તેને સજાવીને દેવતા બનાવી દો. (દેવદૂત મને સોનાનો તાજ, હીરાનો હાર, જરકસી જામા પહેરાવે છે.)

શ્રીકૃષ્ણ - ચાલો, હવે મારો મહેલ બતાવું છું. આ મુલાકાતી કક્ષ છે. આ ભોજન કક્ષ છે, આ આરામ કક્ષ છે. આ અતિથિ કક્ષ છે. આ ઝૂલો છે. આખો મહેલ સોના, ચાંદી, હીરા જડીત છે.

હું - શું હું આ ઝૂલામાં બેસી શકું છું ?

શ્રીકૃષ્ણ - જરૂર, ઝૂલામાં બેસી ઝૂલી શકે છે. (હું ઝૂલા પર બેસું છું. અદ્‌ભુત ખુશી-આનંદનો અનુભવ કરું છું.)

શ્રીકૃષ્ણ - (દેવદૂતને)મારા ખાસ મિત્રને સમગ્ર સતયુગ બતાવો. (હું મહેલની બહાર ઉભેલ જમ્બો પુષ્પક વિમાનમાં સીટ નં. 11 ઉપર બેસું છું. આખાં વિમાન મારા જેવા ફરિશ્તાઓથી ભરાઈ જાય છે.)

દેવદૂત - બધા ફરિશ્તા પોતાનો મોબાઈલ નંબર લખાવી દો. વિમાનનો નંબર L.N.16108 છે. હવે આપણે સતયુગી ફૂલોનો બગીચો જોવા જઈશું. (વિમાન ફૂલોના બગીચાની બહાર પહોંચી જાય છે.)

દેવદૂત - 15 મિનિટ માટે વિમાન રોકાશે. (બધા ફરિશ્તા બગીચો જોવા જાય છે. વિવિધ કલરના સુગંધીદાર ફુલોથી ભરપૂર બગીચો જોઈએ છીએ. ફરી પાછા વિમાનમાં બેસી જઈએ છીએ.)

દેવદૂત - હવે આપણે સતયુગી ફળોની વાડી જોવા

જઈશું. (વિમાન ઉડે છે, સેકન્ડમાં ફળોની વાડીની બહાર પહોંચી જાય છે.)

દેવદૂત - બધા ફરિશ્તા ફળોની વાડીમાં જઈ 20 મિનિટમાં પાછા વિમાનમાં આવી જાય. (અમે ફળોની વાડીમાં જઈએ છીએ. વિવિધ સ્વાદ વાળા રસથી ભરપૂર ફળ હોય છે. દરેકના હાથમાં એક-એક ફળ આવી જાય છે. સોનાનો ગ્લાસ હાથમાં આવી જાય છે. હું ફળ દબાવું છું અને ગ્લાસ રસથી ભરાઈ જાય છે. હું રસ પીઉં છું, તૃપ્ત થઉં છું. ફરી અમે પુષ્પક વિમાનમાં પાછા આવી જઈએ છીએ.)

દેવદૂત - હવે આપણે સતયુગના ભોજનાલયમાં જઈશું. તમે જે સંકલ્પ કરશો તે ભોજન તમારી સામે આવી જશે. 30 મિનિટમાં પાછા વિમાનમાં આવી જજો. (વિમાન ઉડે છે, ભોજનાલયની બહાર ઉભુ રહે છે. અમે બધા ભોજનાલયમાં જઈએ છીએ. સોનાની થાળી, વાડકી, ચમચી મારી સામે ટેબલ ઉપર આવી જાય છે. હું ખુરશીમાં બેસીને જે સંકલ્પ કરું છું તે ભોજન થાળીમાં આવી જાય છે. હું ભોજન કરી વિમાનમાં પાછો આવી જાઉં છું. પુષ્પક વિમાન ધરતીથી ઉપર ઉડે છે. હું નીચે સતયુગી દુનિયાનું દૃશ્ય જોઉં છું. એટલામાં સૂક્ષ્મવતનથી બાબાનો ફોન આવે છે.)

બાબા -પ્રિય બાળક તરત સૂક્ષ્મવતનમાં આવી જા. આપણે ભક્તોને સકાશ આપવા જવાનું છે.(હું સંકલ્પ કરું છું અને તરત સૂક્ષ્મવતનમાં પહોંચી જઉં છું.)

બાબા - હું, શિવબાબા, તું અને મમ્મા સકાશ આપવા નીકળીશું. અમે નિકળીએ છીએ. શિવબાબા શિવના ભક્તોનો પોકાર (ઓમ નમઃ શિવાય) સાંભળી તેમને કહે છે - હે શિવના ભગત આત્માઓ દ્વાપરયુગથી તમે મને બોલાવતા આવ્યા. પતિત પાવન પરમાત્મા આવો અને અમને દુઃખની દુનિયાથી છોડાવો. તમારો પોકાર સાંભળી હું પરમપિતા પરમાત્મા શિવ ધરતી ઉપર અવતરિત થઈ ચૂક્યો છું. બ્રહ્માકુમારીઝ વિદ્યાલયમાં જઈ મારો પરિચય પ્રાપ્ત કરો. ત્યારબાદ કૃષ્ણના ભક્તોનો પોકાર (શ્રીકૃષ્ણ શરણમ્ મમ્) સાંભળી બ્રહ્માબાબા કૃષ્ણના રૂપમાં તેમને સાક્ષાત્કાર કરાવે છે. કહે છે - હે કૃષ્ણના ભગત આત્માઓ, નજીકના ભવિષ્યમાં સતયુગની સ્થાપના થવાની છે, જેમાં કૃષ્ણ પ્રથમ રાજકુમાર હશે. તમે પણ એ દુનિયામાં શ્રીકૃષ્ણની સાથે આવી શકો છો. તે સતયુગી દુનિયા અવિનાશી ભારત ખંડમાં સ્થાપન થશે. ત્યાં આવવા માટે નજીકના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રમાં જઈ મેડીટેશન શીખો. આત્માને કૃષ્ણ જેવા સતોપ્રધાન દૈવી ગુણોવાળા બનાવો. ત્યારબાદ રામના ભક્તોનો પોકાર સંભળાય છે. (શ્રીરામ જય રામ જય જય રામ) હું શ્રીરામના રૂપમાં એ ભક્તોને સાક્ષાત્કાર કરાવતા કહું છું - હે રામના ભગત આત્માઓ પરમાત્મા રામ ધરતી ઉપર અવતરિત થઈ ચૂક્યા છે. ઓમશાંતિ કેન્દ્રમાં જઈ સાત દિવસનો રાજયોગનો કોર્ષ કરો તો તમે પણ રામરાજ્યમાં આવી શકશો. પછી દેવીઓના ભક્તોનો પોકાર સાંભળી મમ્મા તેમને લક્ષ્મીના રૂપમાં સાક્ષાત્કાર કરાવી બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રમાં જઈ મેડીટેશન શીખવાનું આહ્‌વાન કરે છે. એટલામાં સૂક્ષ્મવતનથી પ્રકાશમણિ દાદીનો ફોન આવે છે. માસ્ટરજી વતનમાં સમારોહ શરૂ થવામાં છે. તરત સૂક્ષ્મ વતનમાં પહોંચો. હું બાબાને દાદીજીનો મેસેજ જણાવું છું. અમે તરત સૂક્ષ્મ વતનમાં પહોંચી જઈએ છીએ.

દાદી પ્રકાશમણિજી - માસ્ટરજી, બાબા અને મમ્મા સતયુગમાં કૃષ્ણ અને રાધા બનશે એ રીઝલ્ટ જાહેર થઈ ચૂક્યું છે. તે બદલ બાબા-મમ્માનો

(અનુસંધાન પેજ નં. 21 પર)

પ્રકંપનો-પ્રસરણ અને પ્રભાવ

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

સૂર્યપ્રકાશ, આરસી પર પડે ત્યારે જેટલા અંશના ખૂણે આપાત થાય તેટલા જ અંશના ખૂણે પરાવર્તિત (પાછો ફરે) થાય છે. આપાત્ કિરણમાં પ્રકાશીય તીવ્રતા ઉર્જા, ઘનિષ્ઠતા, ઉજાસ વધારે હોય છે, જ્યારે પરાવર્તિત થયેલા કિરણોમાં પ્રકાશીય તીવ્રતા, ઉર્જા, ઘનિષ્ઠતા, ઉજાસ ઓછી હોય છે. આપાત થયેલા કિરણો એ મૂળ પ્રાપ્તિ સ્થાનમાંથી ઉત્પન્ન થયેલો સ્ત્રોત છે. જ્યારે પરાવર્તિત કિરણો એ મૂળ કિરણો નથી. ભૌતિક વિજ્ઞાનમાં પ્રકાશના કિરણોને તરંગો કહે છે, જેની તરંગ લંબાઈ ખૂબ જ નાની છે જેથી પ્રકાશ સીધી લીટીમાં ગતિ કરતો લાગે છે. પરમપિતા પરમાત્મા શિવે રચેલા રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં સહભાગી થનાર આત્માઓને ભગવાન શિવ સેવા કરવાનું કહે છે - મનસા, વાચા, કર્મણા સેવા કરો, તન-મન-ધનથી સેવા કરો. આ પૈકીની મનસા સેવા પ્રકંપનો (વાઈબ્રેશન) દ્વારા જ થઈ શકે છે. પ્રકાશના કિરણો/તરંગોને ફેલાવા માટે પારદર્શક માધ્યમની જરૂર પડે છે. ધ્વનિને ફેલાવા માટે ભૌતિક માધ્યમની જરૂર પડે છે, જ્યારે પ્રકંપનોને ફેલાવા કે સ્થળ / વ્યક્તિ / આત્મા સુધી પહોંચવા માધ્યમની જરૂર નથી. પરમપિતા પરમાત્માના જ્યોતિબિંદુમાંથી આવતા કિરણોએ શક્તિના મૂળ સ્ત્રોત છે. જ્યારે આત્મા દ્વારા ફેલાતા તરંગો પ્રકંપનો (વાઈબ્રેશન) કહેવાય છે. પ્રકંપનો મોકલનાર આત્મા, જેને પ્રકંપનો પહોંચાડવા માગતો હોય તે આત્મા સુધી સીધેસીધા પહોંચી જાય છે, જેમ કે ટી.વી. સ્ટુડિયો પરથી પ્રસારિત થયેલ વિજચુંબકીય તરંગો (EMV) સીધેસીધા ડીશ/ એરીયલ સુધી પહોંચી વાયરથી ટી.વી. સુધી પહોંચે છે. આટલી પ્રાથમિક જાણકારીથી પ્રકંપનો (વાઈબ્રેશન)ને સમજવા સહેલા પડશે.

શાંતિના પ્રકંપનો

બત્તીની બેટરી ચાર્જ કરેલી હોય, ફૂલ ચાર્જ હોય તો જ પ્રકાશ આપે. આત્માએ શાંતિના વાઈબ્રેશન મોકલવા હશે તો શિવબાબા પાસેથી શાંતિથી ભરપુર થવું પડશે. ગહન યોગ દરમિયાન આત્મા, પરમધામમાં બાબાની સામે ઉપસ્થિત થઈ રૂહરિહાન કરે, બાબાના જ્યોતિબિંદુમાંથી આવતા શ્વેત રંગના શીતળ અને શાંત તરંગોને પોતાની ઉપર ઝિલ્યા કરે. મન, બુદ્ધિ શાંત, સ્થિર એકાગ્ર કરી પોતાનામાં શાંતિની શક્તિ ભરતો રહે... ભરતો રહે... આત્મા પોતાની બેટરીને શાંતિની શક્તિથી ફૂલચાર્જ કરે. આત્મા પોતે શાંતસ્વરૂપ બને. આવો શાંતસ્વરૂપ આત્મા ગહન યોગના અંતે શાંતિથી ભરપુર થઈ પરમધામથી સાકારી દુનિયામાં પાછો ફરી તેણે ધારણ કરેલ દેહના મસ્તિષ્કમાં ભ્રૂકુટિ સિંહાસન ઉપર બિરાજે. આવો શાંત સ્વરૂપ આત્મા જે વ્યક્તિના આત્માને, આત્માઓના સમુદાયને શાંતિનું દાન કરવા માગતો હોય શાંતિના વાઈબ્રેશન મોકલવા માગતો હોય તેને બાબાએ આપેલી દિવ્યદૃષ્ટિથી લક્ષ્ય બનાવી શાંતિના શક્તિશાળી વાઈબ્રેશન મોકલે. સામેના આત્મા / આત્માઓ તેને ઝીલે સ્વીકારે અને વાઈબ્રેશન પ્રાપ્ત કરી શાંત બને. શાંતિના વાઈબ્રેશન ઝીલનાર આત્મા પોતાના દુઃખ, દર્દ, ચિંતા, બોજમાંથી ધીરે ધીરે મુક્ત થતો જાય, શાંત બનતો જાય, શાંતિ અનુભવે. આમ અશાંત આત્માને શાંત બનાવવાની સેવા શાંતિના

વાઈબ્રેશન દ્વારા થઈ. દવાખાનામાં દુઃખ દર્દથી પીડાતા આત્મા, અકસ્માતનો ભોગ બનેલા આત્મા, નક્કી કરેલ લક્ષ્યાંક સુધી નહીં પહોંચી શકેલ અસફળ આત્મા હિંસાનો ભોગ બનેલ આત્મા, આતંકવાદનો ભોગ બનેલ આત્મા, પરીક્ષાના સમયે ટેન્શનયુક્ત આત્મા - આ બધાને શાંતિના શક્તિશાળી વાઈબ્રેશન પહોંચાડી શાંતિનું દાન કરી મનસા સેવા કરી શકાય.

પવિત્રતાના પ્રકંપનો

પરમપિતા પરમાત્માએ બ્રાહ્મણ જીવનમાં પવિત્રતા ઉપર વિશેષ પ્રાધાન્ય રાખ્યું છે. વિચારોની પવિત્રતા, આચરણની પવિત્રતા, ખાનપાનની પવિત્રતા તથા પાંચ વિકારો વગરનું જીવન એ બ્રાહ્મણ જીવનની અનિવાર્ય આવશ્યકતા છે. આત્મા અમૃતવેળા કે સંધ્યાવેળાના ગહન યોગ દરમિયાન પરમાત્મા પાસેથી શ્વેત રંગના શીતળ અને પવિત્ર કિરણોને પોતાનામાં ભરી પવિત્ર સ્વરૂપ બને. રોજરોજના ગહન યોગઅભ્યાસથી આત્મા પવિત્ર સ્વરૂપ બને. આવા પવિત્રસ્વરૂપ આત્માના સંકલ્પો પવિત્ર હોય, કલ્યાણકારી હોય, આવો પવિત્ર આત્મા જ્યાં પણ જાય ત્યાં તે સ્થળ અને તેની આજુબાજુનું વાયુમંડળ, પવિત્રતાના વાઈબ્રેશનવાળુ થાય. બાબાની શ્રીમત છે કે બ્રહ્મા વત્સો, પોતાના ઘરનું પોતાના હાથે બનાવેલું અને બાબાની યાદમાં બનાવેલું પવિત્ર શુદ્ધ સાદુ પોષણયુક્ત ભોજન લે. પરંતુ સંજોવશાત બહારનું ભોજન લેવાનું થાય (ના છૂટકે જ) તો શિવબાબાને પહેલાં યાદ કરી, ભોજન પૂર્વે પવિત્રીકરણ કરી, ટૂંકો યોગ કરી, પવિત્ર દૃષ્ટિ નાખી, ભોજન પર પવિત્ર વાઈબ્રેશન આપી બાબાની યાદ સાથે બાબાના ભંડારામાંથી મળેલ પ્રસાદ રૂપે ગ્રહણ કરવું. પાણી પણ પવિત્ર દૃષ્ટિ નાખી ચાર્જ કરી પીવું. ટી.વી. છાપા અને મોબાઈલ પરના હિંસક સમાચારથી મુક્ત, અશ્લીલ દૃશ્ય અને અશ્લીલ શ્રાવ્યથી મુક્ત, પવિત્ર શુદ્ધ સંકલ્પો દ્વારા વાતાવરણને તથા ખુદને પવિત્ર કરવા પવિત્રતાના વાઈબ્રેશન ફેલાવી સેવા કરી શકે. કલિયુગના અંત સમયે પ્રકૃતિના પાંચેય તત્ત્વો પણ ગુસ્સાઈત થઈ ગયા છે. તેમને પણ પવિત્રતાના વાઈબ્રેશન દ્વારા શાંત અને પવિત્ર બનાવી સેવા કરી શકે.

દિવ્ય શક્તિઓના વાઈબ્રેશન

દિવ્ય શક્તિઓના વાઈબ્રેશન મોકલતાં પહેલા આત્માએ શક્તિશાળી બનવું પડે અને તે માટે શક્તિશાળી યોગ કરવો પડે. આત્મા પરમધામમાં સર્વશક્તિમાન શિવબાબાની સામે ઉપસ્થિત થઈ રુહરિહાન કરે. પરમપિતા પરમાત્મા શિવ. સર્વશક્તિમાન છે. હું આત્મા સર્વ શક્તિમાન પિતાનું સંતાન છું. બાબાના જ્યોતિબિંદુમાંથી આવતા આછા લાલ રંગના શક્તિના કિરણો મુજ આત્મા પર વરસી રહ્યાં છે. મુજ આત્મામાં આવેલા સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિકેન્દ્રમાં ધારણ કરી રહ્યો છું. આવા અનેક કિરણો આવી રહ્યા છે, અવિરત આવી રહ્યા છે. આવા અનેક કિરણોને મારામાં સમાવી રહ્યો છું. મુજ આત્મામાં બાબાની શક્તિઓ સમાઈ રહી છે, હું આત્મા શક્તિઓથી ભરપૂર થઈ રહ્યો છું. હું આત્મા માસ્ટર સર્વશક્તિમાન બની રહ્યો છું. (7 વાર) આવા ગહન યોગના અંતે આત્મા માસ્ટર સર્વશક્તિમાન બને છે. થાકેલા, હારેલા, નાસીપાસ થયેલા, અસફળ રહેલા આત્માઓને શક્તિઓના શક્તિશાળી વાઈબ્રેશન આપી, શક્તિઓના દાન કરવાથી તે તે આત્માઓને નવી ઉર્જા પૂરી પાડી શકાય, ઉત્સાહ વધારી શકાય. લાંબી બીમારી ભોગવી રહેલા આત્માઓને, અકસ્માતનો ભોગ બનેલા આત્માઓને, ઘરેલું હિંસાનો ભોગ બનેલ

આત્માઓને, દિલશિકસ્ત આત્માઓને શક્તિઓના શક્તિશાળી વાઈબ્રેશન પહોંચાડી સહાયરૂપ બનો. આજ રીતે દિવ્યગુણોના, પ્રેમના, કરૂણાના, શુભકામનાના, શુભભાવનાના વાઈબ્રેશન દ્વારા મનસાસેવા કરી શકાય.

કેટલાક બાળકોને ભોજનમાં કોઈ ખાસ વાનગી ભાવતી નથી. કેટલાક બાળકોને શાકભાજીમાં કારેલા ભાવતા નથી, તે બાળકની માતા શાકભાજી ખરીદતાં, રસોઈ બનાવતા ભોજન પીરસતાં કે સામાન્ય વાર્તાલાપ કરતાં એવા સંકલ્પો કરે કે મારા બાળકને કારેલાં ભાવતાં નથી. આવા નકારાત્મક સંકલ્પો ચલાવ્યે રાખવાથી નકારાત્મક વાઈબ્રેશન ઉત્પન્ન થવાના. નકારાત્મક પ્રકંપનો ઘરમાં, રસોડામાં, ઘરના સમગ્ર વાયુમંડલમાં ફેલાવાના, તે પ્રકંપનો તે બાળકના આત્મા સુધી પહોંચવાના, તે બાળકના મનમાં નકારાત્મક પ્રકંપનોથી તેની આદત દૃઢ થશે. કારેલાં પ્રત્યે તેની અરુચિ વધતી જશે. અને છેવટે, તેના સંસ્કારમાં રૂપાંતરિત થશે. પરંતુ - જો સકારાત્મક વાઈબ્રેશન ફેલાવવામાં આવે તો? માતાની અપેક્ષા મુજબ પરિણામ મળશે. આ છે શુદ્ધ અને શુભ પ્રકંપનોનો પ્રભાવ.

સકારાત્મક પ્રકંપનો ક્યાંથી / કેવી રીતે પ્રાપ્ત થાય ?

● મુરલી ક્લાસમાં નિયમિત જઈ, શરૂથી અંત સુધી પુરી મુરલી ધ્યાનથી સાંભળી આત્મા દ્વારા વિચાર સાગર મંથન થતું હોય. ● બાબાએ રચેલા ગીતા જ્ઞાન યજ્ઞની ઈશ્વરીય સેવાઓ થતી હોય. ● બાબાની યાદમાં આત્મા રહેતો હોય ● નિયમિત યોગ અભ્યાસ કરતો હોય. ● PMTVના કાર્યક્રમો જોતો / સાંભળતો હોય. ● બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા પ્રકાશિત સાહિત્ય વાંચનથી ● ઈશ્વરીય સેવા કાર્યોમાં જઈ રીફ્રેશ થતો હોય ● વિકારોથી મુક્ત થયેલ આત્માના આચરણ, વાણી, દૃષ્ટિ સંબંધ સંપર્ક દ્વારા ● પવિત્ર શુદ્ધ શાકાહારી ભોજન કે જે બાબાની યાદમાં બનાવેલું હોય એવા પ્રભુ પ્રસાદ ગ્રહણ કરવાથી ● જે સંસ્થા, સેવાલય, મકાન પર શિવધ્વજ ફરકતો હોય તેની આજુબાજુના વાતાવરણમાં ● યોગ કરનાર રાજયોગીની આજુબાજુના વાયુમંડલમાં ● ઈશ્વરીય જ્ઞાનસત્ર ચાલતું હોય તેની આજુબાજુના વાયુમંડલમાં - શુદ્ધ પવિત્ર સકારાત્મક પ્રકંપનો ફેલાતા હોય છે. આવા પ્રકંપનો બાબાની યાદમાં યોગમાં, ઈશ્વરીય સેવામાં અને જ્ઞાન ધારણામાં આત્માને પ્રોત્સાહિત કરે છે. આત્માની ઉડતી કલામાં વધારો કરે છે. સતકર્મોના ખાતાને વૃદ્ધિ અપાવે છે અને અંતે સતયુગી દુનિયામાં ઉચ્ચ પદ અપાવી 21 જન્મો સુધી સુખ અને સમૃદ્ધિ સંપન્ન બનાવે છે.

નકારાત્મક પ્રકંપનો ક્યાંથી / કેવી રીતે ઉત્પન્ન થાય ?

● પાંચ વિકારોથી પતિત થયેલા આત્માના આચરણથી, વાણીથી, દૃષ્ટિથી, સંબંધ અને સંપર્કથી ● પતિત, દુર્ગુણી, અશાન્ત આત્માએ વાપરેલા પદાર્થ / વસ્તુથી ● તામસી ગુણવાળા ખાદ્ય પદાર્થો તથા બિનશાકાહારી આહાર લેવાથી ● ચલચિત્રો અને ટીવીમાં આવતા હિંસક અને કામોત્તેજક દૃશ્યો જોવાથી લડાઈ ઝગડાના ચોરીના, છેતરપીંડીના, પરપીડનના સમાચારો વાંચવાથી / જોવાથી ● સતસંગ / જ્ઞાનસત્રના કાર્યક્રમમાં મોબાઈલ ચાલુ થવાથી / ચાલુ કરવાથી / વાપરવાથી ● પાન-મસાલા, ગુટકા, ડ્રગ્સના સેવનથી ● બદદુઆઓ મળવાથી ● નફરતભર્યા સંકલ્પોથી ● અન્ય આત્મા પ્રત્યે ઈર્ષાથી

(અનુસંધાન પેજ નં. 34 પર)



શ્રધ્ધાંજલિ

પ્રાણ પ્યારા બાપદાદાના અતિસ્નેહી, યજ્ઞના આદિ રત્ન, દાદા લેખરાજ કૃપલાની (બ્રહ્માબાબા)ના લૌકિક પુત્ર દાદા નારાયણ કૃપલાનીએ તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૮ના દિવસે પાર્થિવદેહનો ત્યાગ કરીને બાપદાદાની ગોદ લીધી. આપનો જન્મ ૧૦ ઓક્ટોબર, ૧૯૨૬માં થયો. આપ ૯૨ વર્ષના હતા.

દાદા લેખરાજ કૃપલાની (બ્રહ્માબાબા)એ સન ૧૯૩૬માં હીરાનો વેપાર છોડીને જ્યારે ઓમ મંડલીની સ્થાપના કરી ત્યારે આપ શાળાના વિદ્યાર્થી હતા. પછી જ્યારે ઓમ મંડલી, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રૂપાંતરિત થઈ ગઈ અને સ્થાનાંતરિત થઈ ગઈ ત્યારે દાદા નારાયણ કૃપલાની મુંબઈમાં વસ્યા. મુંબઈમાં જ આપે દેહત્યાગ કર્યો. બ્રહ્માબાબા (દાદા લેખરાજ)ની સાકાર યાદ અપાવતા નારાયણજીને સંપૂર્ણ દૈવી પરિવાર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે.

॥ ઓમશાંતિ ॥

લેખકોને નમ્ર નિવેદન

- આપની મૌલિક, સત્ત્વશાળી, અભ્યાસપૂર્ણ કૃતિઓ આવકાર્ય છે.
- કૃતિ ફૂલસ્કેપ કાગળમાં સુવાચ્ય અક્ષરોમાં લખાયેલી અથવા લેસરકંપોઝ કરેલી હોવી જોઈએ.
- કૃતિની એક નકલ અચૂક આપની પાસે રાખીને જ અસલ કૃતિ મોકલવી, ઝેરોક્ષ નહીં.
- કૃતિમાં જોડણી, વાક્ય રચનાની શુદ્ધિ જરૂરી છે.
- લખાણ ખીચોખીચ ના લખવું. જેથી ભૂલો સુધારવામાં સરળતા રહે.
- કોઈપણ ભાષાનાં અવતરણો એક એક અક્ષર વાંચી શકાય તેવાં તથા આધારભૂત હોવાં જરૂરી છે.
- કોઈપણ લેખકના લખાણોમાંથી કે સંસ્થાના પ્રકાશિત સાહિત્યમાંથી ઉતારા કરેલી કૃતિઓ મોકલશો નહીં. કૃતિ અંગેની સર્વ જવાબદારી જે તે લેખકની રહેશે.
- આ ગુજરાતી માસિક છે. તેથી ગુજરાતીમાં જ લખાયેલી કૃતિઓ આવકાર્ય છે. અંગ્રેજી યા હિન્દી લેખકો, સારું ગુજરાતી જાણનાર પાસેથી ગુજરાતીમાં અનુવાદ કરાવીને કૃતિ મોકલી શકશે.
- જ્ઞાનામૃતનું સંપાદન તથા કંપોઝ કાર્ય ઘણું એડવાન્સમાં થાય છે. દર મહિને નિયમિત પ્રકાશન માટે આ જરૂરી છે.
- આપની કૃતિ સેવાકેન્દ્રના ટીચરની સહી, સિક્કો યા લેટર પેડ ઉપર પત્ર લખીને મોકલવી.
- અનુભવની કૃતિઓ નિમિત્ત ટીચરને વંચાવીને મોકલવી. જૂના લેખકો પણ આ સૂચનાનું પાલન કરે.
- કૃતિ મળ્યા પછી છ માસ જેટલો ગાળો પ્રકાશનમાં લાગશે.
- કૃતિમાં વૈવિધ્ય જરૂરી છે.
- કૃતિમાં લેખકના ફોટોગ્રાફની જરૂર હશે, તો અમે જણાવીશું.
- આ સૂચનાઓની નોંધ આપની પાસે અચૂક રાખશો.

તંત્રીને પત્રો

'જ્ઞાનામૃત'માં પ્રકાશિત કૃતિઓનો અભિપ્રાય જાણવા હિન્દી જ્ઞાનામૃતની જેમ આ વિભાગ શરૂ કર્યો છે.

- આ અંગેનું લખાણ સંક્ષિપ્તમાં હોવું જરૂરી છે.
- આવેલા પત્રોમાંથી પસંદ કરીને, ટૂંકાવીને એક પેજની મર્યાદામાં વિચારો છપાશે.
- આવેલા બધા જ પત્રો છપાય, તે શક્ય નથી પણ આપના વિચારોની નોંધ લઈ શક્ય તેટલો પુરુષાર્થ કરવામાં આવશે. લખાણ તટસ્થ અને હકારાત્મક હોવું જરૂરી છે.
- લખાણ સંક્ષિપ્તમાં હોય છતાં ફૂલસ્કેપ કાગળમાં હાંશિયો રાખીને લખવું જરૂરી છે. સુવાચ્ય અક્ષરોમાં અથવા લેસર કંપોઝ કરેલું લખાણ મોકલવું. - તંત્રી

અભિનંદન

ઓમશાંતિ. આપને જ્ઞાનામૃતના તંત્રી તરીકે ૪૦ વર્ષ પૂરાં કર્યાં. તે બદલ અભિનંદન.

આટલું સરસ, ચોખ્ખી સાફ સફાઈ, કોઈપણ જાતની પ્રિન્ટીંગ મીસ્ટેક વગર આટલા વર્ષો સુધી મેગેઝીન ચલાવવું એ ઘણું જ કઠીન કાર્ય છે અને એ આપે વર્ષો સુધી નીભાવ્યું છે તે બદલ ફરી અભિનંદન.

- ડો. કાંતિલાલ વી. બારડોલીયા, સુરત

મંતવ્ય

બિંદુમાં સિંધુનાં દર્શન કરાવનાર 'જ્ઞાનામૃત'નો પ્રત્યેક અંક માનવજીવનને સંસ્કારીને દેવત્વ પ્રદાન કરનારો બની રહે છે. એક શ્રેષ્ઠ સામયિક માનવને ઘડવામાં કેવી ઉમદા ભૂમિકા નિભાવી શકે છે એ હકીકત 'જ્ઞાનામૃત' દ્વારા સિદ્ધ થઈ ગઈ છે. ખૂબ ખૂબ અભિનંદન.

- ભરત બાપોદરા, કવિ અને લેખક, બાપોદર

વર્ષ 2019 માટે જરૂરી સૂચના

વર્ષ 2019 માટે આપના સેવાકેન્દ્રની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા મોડામાં મોડા 30 નવેમ્બર, 2018 સુધીમાં જ્ઞાનામૃત કાર્યાલય (બ્ર.કુ. ઉષાબેન)ને લેન્ડ લાઈન ફોન નં. 079-2543 1676 અથવા મોબાઈલ નંબર 081606 23709 પર (સમય ફક્ત સવારે 9.30 થી 12.00 કલાક દરમિયાન) અથવા જ્ઞાનામૃતના ઈમેઈલ પર જાણ કરવા નમ્ર વિનંતી. જાન્યુઆરી 2019નો અંક ડિસેમ્બર 2018 માસમાં પ્રેસમાં છપાવવા માટે આપવાનો હોવાથી આપની સંખ્યા એડવાન્સ મળી જાય તો પ્રીન્ટીંગની વધુ સગવડતા રહે. અંકોની સંખ્યા પાછળથી વધવાથી જ્ઞાનામૃત ફરીથી પ્રીન્ટીંગ કરવાનું મુશ્કેલ થઈ જાય છે. અત્યારે ડીજીટલ પ્રીન્ટીંગ પ્રેસમાં ઓછી ક્વોન્ટીટી માટે પ્રીન્ટીંગમાં અગવડતા પડે છે. તો આપનો સમય પહેલા સહયોગ આવકાર્ય છે. સહયોગ બદલ એડવાન્સમાં ધન્યવાદ.

ખાસ નોંધ - કાગળ, પ્રીન્ટીંગ, શાહી તથા ટ્રાન્સપોર્ટના ભાવમાં વધારો થવાથી **જાન્યુઆરી 2019થી જ્ઞાનામૃતના લવાજમ**માં રૂપિયા દસનો **વધારો કરીને રૂ. 110/- (એકસો દસ)** રાખ્યા છે. નવા ભાવ મુજબ ગ્રાહકોની સંખ્યા જણાવશો. **॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 25નું અનુસંધાન)... **દિવ્યદર્શન**

બાળકોમાં ઈશ્વરની યાદ અને સારા કર્મો કરવા માટે સદ્‌ભાવના જાગે એમ કરવામાં આવે છે. ફટાકડાઓથી અવાજ અને હવાનું પ્રદુષણ પણ વધે છે. જે આપણા પોતાના માટે અને પ્રકૃતિ માટે હાનિકારક છે. બીમાર લોકો, વૃદ્ધો, એકદમ નાના બાળકો તથા પશુ-પંખીઓ માટે પણ ખતરો બની જાય છે.

દિવાળીના અસંખ્ય પ્રગટાવેલા દીપકો પાસેથી આપણે એ શીખવું જોઈએ કે, ગમે તેટલો અંધકાર હોય પરંતુ પ્રકાશમાં એટલી શક્તિ હોય છે કે, અંધકારને ચીરીને ચોતરફ અજવાળું ફેલાવી દે છે. એવી જ રીતે મનુષ્યએ પણ દિવાળીના પર્વ ઉપર જીવનમાં અંદરથી જ્ઞાન, પ્રેમ, શક્તિ, વસુધૈવ કુટુંમ્બકમની મશાલ લઈને સ્વયંના જીવનને પ્રકાશવાન બનાવવું જોઈએ. જેથી સ્વયંને એની આભાથી આલોકિત કરી અન્ય મનુષ્યાત્માઓને પણ પ્રેરણા પૂરી પાડી શકાય. આ પ્રકાશ ઉત્સવનો દીપક એટલો તીવ્ર બને કે, જીવનમાં ક્યારેય અંધકાર આવે જ નહીં અને લક્ષ્મી સદાય આપણી સાથે જ રહે. તો આપણું દિવાળીનું પર્વ ઉજવેલું સાર્થક થયેલું ગણાય.

જ્ઞાન દીપ પ્રગટાવો આજ,
શાંતિ કુંડ બનાવો આજ,
આજ ભારતદેશ મેં પધારે હૈ,
પધારે હૈ શિવ પાવનકારી,
શિવશક્તિ દાતા હૈ વિશ્વ મેં,
વો ઈસ જગ કે કલ્યાણી ...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 19નું અનુસંધાન)... **Merge સુષુપ્ત**

શક્તિ વગર Merge કે Emerge શક્ય નથી.

આત્માનું શરીરને છોડી દેવું એટલે પરિવર્તન. ક્ષણભંગુર શરીર Merge થઈ ગયું. (5000 વર્ષ માટે) પરંતુ આત્મા Merge થતો નથી. કારણ કે તે તો પહેલેથી જ સુષુપ્ત (ગુપ્ત) છે. આત્મા કદિ Merge કે Emerge થતો નથી. હાં, તેનામાં રહેલા જ્ઞાન, ગુણ, શક્તિ, સંસ્કાર તેનામાં સ્વયંમાં જ Merge - Emerge થાય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 31નું અનુસંધાન)... **પ્રકપંનો પ્રસરણ**

● અન્યના હક્કનું છીનવી લેવાથી ● અહંકારી વૃત્તિઓથી. અશુદ્ધ અને અશુભ પ્રકંપનો આત્માને બાબાની યાદમાં યોગમાં, ઈશ્વરીય સેવામાં, જ્ઞાન ધારણામાં બાધારૂપ બને છે. આત્માની ઉડતી કલામાં નંબર પાછળ જાય છે. સતયુગી દુનિયામાં આત્માનું પદ નીચુ ઉતરી જાય છે.

પ્રિય આત્મન્ ! આપ પણ સકારાત્મક, શુભ અને કલ્યાણકારી પ્રકંપનો ફેલાવો અને અન્ય આત્માઓ પાસેથી મેળવો એવી શુભકામના અને શુભ ભાવના સહ ..

॥ ઓમશાંતિ ॥

- **ખરાબ આદત સામે ઝૂકી જવાથી વ્યક્તિ પોતાના ઉપર રાજ્ય કરવાનો અધિકાર ગુમાવી દે છે.**
- **દૃઢ વિચાર શક્તિ અને ઉચ્ચ આદર્શોથી આપ પોતાના શારીરિક સ્વાસ્થ્યને ઉત્તમ બનાવી શકો છો.**

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

ડીસા ખાતે કબીર આશ્રમમાં ઈશ્વરીય જ્ઞાન સંદેશ આપતાં બ્ર.કુ. સુરેખાબેન બાજુમાં મહંત શ્રી જ્ઞાન સાહેબ, મહંત શ્રી અચ્છન સાહેબ, મહંત શ્રી નિર્માણ સાહેબ, મહંત શ્રી રામકૃષ્ણ સાહેબ.

અમદાવાદ ઈન્ડીયા કૉલોની ખાતે 'જ્યોતિલીંગ દર્શન'માં MLA ભ્રાતા વલ્લભભાઈ કાકડીયા, બિલ્ડર ભ્રાતા મગનભાઈ, પૂર્વપ્રમુખ ડાયમંડ એસોશીએશન ભ્રાતા વિનુભાઈ, બ્ર.કુ. ભાનુબેન.

કુતીયાણામાં 'નવરાત્રી' નિમિત્તે આયોજીત ચૈતન્ય દેવીઓની ઝાંખીમાં પધારેલ MLA ભ્રાતા કાંધલભાઈ જાડેજા સાથે બ્ર.કુ. મધુબેન.

છાયામાં આયોજીત ચૈતન્ય દેવીઓની ઝાંખીમાં પધારેલ પૂર્વ પ્રમુખ નગરપાલિકા ભ્રાતા જીવાભાઈ બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. સરોજબેન.

ગાંધીધામ ભારતનગર ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે ચૈતન્ય દેવીઓની ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં પ્રમુખ નગરપાલિકા ભ્રાતા કાનજીભાઈ સાથે ભ્રાતા સતીષભાઈ, બ્ર.કુ. સંગીતાબેન, બ્ર.કુ. દીપકભાઈ.

રાજકોટ ચંપકનગરમાં બંગાળી સમાજ દ્વારા આયોજીત દુર્ગાપૂજાના કાર્યક્રમમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં પ્રમુખ કિશોરભાઈ તથા આયોજકો સાથે બ્ર.કુ. શીતલબેન, બ્ર.કુ. કૈલાસબેન.

સુરત મોટા વરાછા વિસ્તારમાં આયોજીત નવરાત્રી મહોત્સવમાં ચૈતન્ય દેવીઓની ઝાંખીનું મનભાવન દ્રશ્ય.

સુરત વરાછા સેવાકેન્દ્ર દ્વારા નવરાત્રી મહોત્સવ નિમિત્તે આયોજીત ચૈતન્ય દેવીઓની ઝાંખીનું મનોરમ્ય દ્રશ્ય.

Gyan Amrit Vol.11 | Issue 11 | November 2018 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

નડીયાદમાં 'ગુજરાત સ્તરીય મીડિયા ટ્રેનીંગ'ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પુસ્તક વિમોચન કરતાં મીડિયા પ્રભાગ ગુજરાતના સંયોજીકા બ્ર.કુ. રંજનબેન, પ્રો. કમલ દિક્ષીત, બ્ર.કુ. પૂર્ણિમાબેન, આધ્યાત્મિક ચેનલના તંત્રી ભ્રાતા કલ્પેશ તલાટી, સૂરજ બા આર્ટસ્ કૉલેજના આચાર્ય પ્રો. હર્ષિતભાઈ મહેતા, જર્નાલીઝમ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠના અધ્યક્ષ ભ્રાતા ડૉ. વિનોદ પાંડેય, બ્ર.કુ. સોમનાથભાઈ, મીડિયા ટ્રેનીંગના પ્રશિક્ષકો તથા ટ્રેનીંગમા ભાગ લેનાર બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

ગોધરામાં 'જીવન પરિવર્તન રથ'નો શુભારંભ કરતાં MP ભ્રાતા પ્રભાતસિંહ ચૌહાણ, પ્રમુખ નગરપાલિકા ભ્રાતા ઈલેન્દુભાઈ, BOB મેનેજર ભ્રાતા સંજીવકુમાર, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. શૈલેષભાઈ.

મહુડીમાં 'ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજ' દ્વારા આયોજીત સંમેલનમાં MP ભ્રાતા દીપસિંહ રાઠોડ, સરપંચ ભગિની સંગીતાબેન, જૈન સાધ્વી ભગિની હંસાબેન, બ્ર.કુ. મનીષાબેન તથા સમાજના હોદેદારો.

કચ્છ-ભૂજમાં '૧૫૦મી ગાંધી જયંતી' નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા' સેમીનારમાં MLA નીમાબેન આચાર્યને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રક્ષાબેન બાજુમાં ઉપપ્રમુખ જીલ્લા પંચાયત ભગિની નિયતિબેન, એડીશનલ કલેક્ટર ભ્રાતા જોષીભાઈ.

કચ્છ-મુંદ્રા દ્વારા '૧૫૦મી ગાંધી જયંતી' નિમિત્તે L & T કૉલોની શક્તિનગર ખાતે 'સ્વચ્છ ભારત અભિયાન' કાર્યક્રમમાં TDO ભ્રાતા એ.એ.જોષીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સુશીલાબેન.